પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૨૪૮, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૪-૦૬-૨૦૨૧ સોમવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 248 PRICE :-RS. 1.50 DATE : 14-06-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### શિવસેનાએ કહ્યું- ૫ વર્ષ સુધી ઉદ્ધવ જ રહેશે CM, કોંગ્રેસે કહ્યું- હવે એકલા લડીશું ચૂંટણી

## મહારાષ્ટ્રમાં ભંગાણના સંકેત, શિવસેના-NCP વચ્ચે એકલું પડ્યું કોંગ્રેસ...!??



મુંબઈ,

એવું લાગી રહ્યું છે કે મહાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી ગઠબંધનમાં બધું ઠીક નથી ચાલી રહ્યું. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી અને શિવસેનાની વચ્ચે સતત મનમેળ વધી રહ્યો છે, જ્યારે કોંગ્રેસ આ ગઠબંધનમાં ખૂદને એકલું-અટલું અનુભવી રહ્યું છે. આનું તાજું ઉદાહરણ છે કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ નાના પટોલેનું એ નિવેદન જેમાં તેમણે આવનારી તમામ ચૂંટણીઓ એકલા લડવાની વાત કહી છે. પટોલેએ કહ્યું છે કે કોંગ્રેસ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓથી લઈને વિધાનસભા ચૂંટણી સુધી અત્યારે એકલું લડશે.

અમરાવતીના તિવાસામાં શનિવારના કોંગ્રેસ કાર્યકર્તાઓને સંબોધિત કરતા તેમણે પૂછ્યું કે, "શું તમે નાના પટોલેને ૨૦૨૪માં સીએમ બનાવવા નથી ઈચ્છતા?" તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૪માં કોંગ્રેસ રાજ્યમાં સૌથી મોટી પાર્ટી તરીકે ઉભરશે. સાથે જ તેમણે એ પણ કહ્યું કે, ભલે કોઈ લાખવાર પ્રયત્ન કરી લે, પરંતુ તે કોંગ્રેસને સાઈડલાઈન નહીં કરી શકે. નાના પટોલેએ સાથે જ કહ્યું કે, "હું કોંગ્રેસનો રાજ્ય પ્રમુખ છું, આ કારણે હું મારી પાર્ટીની વાત જણાવીશ. મને નથી ખબર કે તેમણે (શરદ પવાર) શું કહ્યું? પરંતુ કોંગ્રેસે એ સ્પષ્ટ કરી દીધું છે કે અમે તમામ સ્થાનિક ક્ષેત્રોમાં એકલા લડીશું. આમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી અને વિધાનસભા ચૂંટણી બંને છે. શું તમે નાના પટોલેને સીએમ બનતા જોવા નથી ઈચ્છતા?".

ઉલ્લેખનીય છે કે શરદ પવારે બે દિવસ પહેલા શિવસેનાની પ્રશંસા કરી હતી. આ મુદ્દા પર પટોલે ઘણા જ નારાજ જોવા મળ્યા. તેમણે કહ્યું કે, "કોંગ્રેસ એક અસલી પાર્ટી છે. આ મુદ્દે અમને કોઈ સર્ટિફિકેટની જરૂર નથી. જો અમને કોઈ સાઈડલાઈન કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે તો એ તેવું નહીં કરી શકે. કોંગ્રેસ ૨૦૨૪ની ચૂંટણીમાં ટૉપ પર રહેશે." પટોલેએ આ દરમિયાન કોરોનાના મુદ્દા પર કેન્દ્ર સરકારને પણ ઘેરવાનો પ્રયત્ન કર્યો. બીજી તરફ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મળ્યા ત્યારથી જ અફવાઓનું બજાર ગરમ છે. આ દરમિયાન કેન્દ્રીય પ્રધાન રામદાસ આઠવલેના નિવેદનથી અફવાઓને વધુ બળ આપવામાં આવ્યું હતું, જેમાં એવું કહેવામાં આવી રહ્યું છે કે મહારાષ્ટ્રના રાજકારણમાં ખૂબ જલ્દી બદલાવ જોવા મળી શકે છે. જણાવી દઈએ કે રામદાસ આઠવલેએ એમ કહીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા હતા કે શિવસેના અને ભાજપ અઢી-અઢી વર્ષ મુખ્યમંત્રી પદ શેર કરી શકે છે અને મહારાષ્ટ્રમાં જલ્દીથી ભાજપ અને શિવસેનાનું ગઠબંધન થઈ શકે છે. રામદાસ આઠવલેના આ નિવેદન પછી હવે સંજય રાઉતે નિવેદન આપતાં કહ્યું છે કે શિવસેનાને મહારાષ્ટ્રમાં પાંચ વર્ષ માટે મુખ્યમંત્રી પદ આપવામાં આવ્યું છે. આમાં પરિવર્તનની કોઈ આશા નથી.

સંજય રાઉતે શિવસેનાના મુખપત્ર 'સામના'માં લખેલી તેમની 'રોખઠોક' કોલમમાં આ સમગ્ર મુદ્દાની વિગતવાર ચર્ચા કરી છે. સામનામાં પ્રકાશિત લેખ દ્વારા કહેવામાં આવ્યું છે કે શિવસેનાને પાંચ વર્ષ માટે મુખ્ય પ્રધાનપદનું વચન આપવામાં આવ્યું છે. અત્યારે, એવી કોઈ શક્યતા નથી કે પરિવર્તનની કોઈ સંભાવના હોય. લેખમાં કહેવામાં આવ્યું છે કે ભાજપે ચૂંટણી પૂર્વે શિવસેનાને મુખ્યમંત્રી પદ આપવાનું વચન આપ્યું હતુ પરંતુ બાદમાં તેનું પાલન થયું નથી. આ પીડા પછી શિવસેનાએ નવી સરકાર બનાવી. સંજય રાઉતે લખ્યું છે કે મુખ્ય પ્રધાન પદ માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પાસેથી મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરને આશ્વાસન મળવવાની સંભાવના નહિવત્ છે. આનું મોટું કારણ એ છે કે મુખ્યમંત્રીની ખુરશીને લઈને જ બંને પક્ષો વચ્ચે વિવાદ થયો હતો. બંને નેતાઓની બેઠક બાદ જે પ્રકારની અટકળો કરવામાં આવી રહી છે તે સંપૂર્ણપણે ગૌણ છે. મહારાષ્ટ્રમાં હાલની સરકાર વચ્ચે ઉત્તમ સમન્વય છે. સીએમ ઉદ્ધવ ઠાકરેના કામમાં કોંગ્રેસ-એનસીપીના નેતાઓ દખલ દેતા નથી. મુખ્યમંત્રી તેમના તમામ નિર્ણયો જાતે લે છે. હાલમાં આ વ્યવસ્થાને કોઈ ખતરો નથી.

ઉલ્લેખનીય છે કે રાષ્ટ્રપતિ કોંગ્રેસ પાર્ટીના અધ્યક્ષ શરદ પવારે પોતાના સહયોગી દળ શિવસેનાની પ્રશંસા કરતા કહ્યું હતુ કે, તેના પર ભરોસો કરી શકાય છે. પવારે કહ્યું કે, "શિવસેના એવું દળ છે જેના પર ભરોસો કરી શકાય છે. બાલાસાહેબ ઠાકરેએ ઈન્દિરા પ્રત્યે પોતાના વચનનું સન્માન કર્યું હતુ. સરકાર પોતાનો કાર્યાકાળ પૂર્ણ કરશે અને આગામી લોકસભા અને વિધાનસભા ચૂંટણીમાં પણ સારું પ્રદર્શન કરશે."

## રાજ્યના મંદિરોમાં દાનની આવકમાં ઘટાડો, કર્મચારીઓના પગાર કરવા FD તોડવી પડી

ગાંધીનગર,

કોરોનાના પગલે રાજ્યના તમામ મંદિરોના દ્વાર દર્શનાર્થીઓ માટે બંધ કરવામાં આવ્યા હતા. સંક્રમણ હળવું થતાં ૫૮ દિવસ બાદ તમામ મંદિરોના દ્વાર ખૂલતા ભકજતનોમાં હરખની હેલી જોવા મળી રહી હતી. ગુજરાતમાં લોક-અનલોક વચ્ચે ભક્તિની સરવાણી અટવાઈ ગઈ હતી. કોરોનાએ કરોડો રૂપિયાના દાન પ્રવાહને અવરોધ્યો. કેટલાંક મંદિરોમાં તો એવી પરિસ્થિતિ જોવા મળી કે મંદિરની આવકમાંથી કરાયેલ ફિકસ્ડ ડિપોઝીટને તોડી કર્મચારીઓનો પગાર કરાયો.

અંબાજી મંદિર બંધ રહેતા અંબાજી સહિતના યાત્રાધામોના યાત્રિકો પર નિર્ભર તમામ બજારો પણ ઠપ્પ થઈ ગયા હતા. શક્તિધામ અંબાજી યાત્રિકો અને પ્રવાસીઓથી બારેમાસ ધમધમતું રહેતું હતું પરંતુ છેલ્લાં બે વર્ષથી કોરોનારૂપી મહામારીના લીધે મહિનઓ સુધી મંદિર રહેતા અંબાજી ધામ જાણે થંભી ગયું હતું. યાત્રિકો મંદિર બંધ હોઈ આવતા ના હોવાથી મંદિરની દાન-ભેટમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો હતો.

કોરોના મહામારી પહેલાં શામળાજી મંદિરની સરેરાશ મહિને ૧૫ થી ૨૦ લાખ દાનની આવક થતી. જો કે અગાઉ ૭૦ દિવસ અને બીજી લહેરમાં ૫૦ દિવસ કરતાં વધુ સમય ભગવાન શામળિયાના દ્વાર બંધ રહેતા આ સમયગાળા દરમ્યાન મંદિરની આવક થઈ નથી. દર મહિને ૧૦ લાખથી વધુના ખર્ચ સામે આ વર્ષે સરેરાશ માત્ર ૪ થી ૫ લાખ આવકને કારણે એફ.ડી. તોડીને મંદિરના સ્ટાફનો પગાર કરવો પડ્યો છે.

ચોટીલા ચામુંડા માતાજીનું મંદિર ગત વર્ષના લોકડાઉનમાં ૭૨ દિવસ મંદિર ભકતો માટે બંધ રહ્યું હતું જ્યારે હાલ કોરોનાના કારણે ૨૦૨૧માં ૫૮ દિવસ બંધ રહ્યું છે. સૌથી વધારે ભકતો નવરાત્રિમાં આવતા હોય છે ત્યારે પણ મંદિર ભકતો માટે બંધ રહેતા માતાજીની દાનપેટીમાં અગાઉના વર્ષ કરતાં ચાલીસેક ટકા દાન ઓછું આવ્યાનો અંદાજ છે.

ડાકોર રણછોડરાય મંદિરના સૂત્રોએ જણાવ્યું કે મંદિર ખૂલ્લું હોય ત્યારે દૈનિક ૮ થી ૧૦ હજાર દર્શનાર્થીઓ દર્શન કરવા માટે આવે છે. તહેવારોમાં ૨૦ થી ૨૫ હજાર દર્શનાર્થીઓ દર્શનનો લાભ લેતાં હોય છે. કોરોનાના કારણે યાત્રાળુઓ અને દર્શનાર્થીઓની સંખ્યા ઓછી થઈ ગઈ હતી અને ૫૮ દિવસ મંદિર બંધ રહેતા દાનની આવકમાં એકદમ ઘટાડો આવી ગયો છે. મંદિર બંધ દરમ્યાન માસિક અંદાજે ૫૦ હજારનું દાન આવ્યું હતું. કોરોના પહેલાં મંદિરમાં અંદાજે વાર્ષિક ૬ થી ૭ કરોડ જેટલું દાન આવ્યું હતું.

## રાજ્યમાં આગામી ૫ દિવસમાં અમદાવાદ સહિત દ.ગુજરાતમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી

અમદાવાદ,

નેઋત્વ ચોમાસું કેરળ થઈ ને ગોવા અને મહારાષ્ટ્ર ના મુંબઈ બાદ દક્ષિણ ગુજરાત માં પ્રવેશે છે. ગુજરાત માં ધીમે ધીમે ચોમાસા ની શરૂઆત થઈ ગઈ છે. દક્ષિણ ગુજરાતમાં ચોમાસુ સક્રિય થઈ ગયું છે. આ વર્ષે ચોમાસું છેલ્લા ૮ વર્ષની સરખામણી વહેલું છે.

ત્યારે સૌરાષ્ટ્ર, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત સહિત અમદાવાદ માં પણ વરસાદની લોકો રાહ જોઈ રહ્યાં છે. ૧૫ જૂન સુધી અમદાવાદમાં ભારે વરસાદની શક્યતા નહિવત છે. શનિવારે અમદાવાદ સહિત પાંચ શહેરોમાં ગરમીનો પારો ૪૦ ડિગ્રીને પાર કરી કરી ગઈ છે.

દક્ષિણ ગુજરાતમાં ચોમાસું ૫ દિવસ વેહલું બેઠું છે. ૧ જૂનના રોજ કેરળમાં ચોમાસાની દસ્તક દે છે પરંતુ આ વર્ષે ૩ જૂનના રોજ કેરળમાં ચોમાસાનું આગમન થયું હતું. પરંતુ બંગાળની ખાડીમાં ઉત્તર તરફ લો પ્રેસર અને અરબી સમુદ્રમાં દક્ષિણ પશ્ચિમના પવનો વધુ તેજ બનતાં નેઋત્વ ચોમાસું ઝડપી બન્યું હતું.

રાજ્યમાં આગામી ૫ દિવસ દરમિયાન દક્ષિણ ગુજરાતના ડાંગ, તાપી, વલસાડ, નવસારી, દમણ, દાદરા નગર હવેલી સહિતના વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદ (Rain) ની આગાહી છે. તો અમદાવાદમાં ૧૫ જૂનની આસપાસ પડી શકે તેવી હવામાન ખાતાએ આગાહી કરી છે.

અમદાવાદ (Amhedabad) ની સાથે સાથે ઉત્તર ગુજરાત (North Gujarat) માં પણ આગામી ૧૫ થી ૧૬ જૂન સુધીમાં વરસાદ થશે તેવી હવામાનવિભાગે આગાહી કરી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ચોમાસું દીવ, સુરતથી આગળ વધી રહ્યું છે. અમદાવાદનીસાથે સાથે ઉત્તર ગુજરાત (North Gujarat) માં પણ આગામી ૧૫ થી ૧૬ જૂન સુધીમાં વરસાદ થશે. જયારે આગામી ૫ દિવસ માટે સૌરાષ્ટ્રના દરિયા કિનારાના પ્રદેશો અને દક્ષિણ ગુજરાતમાં હળવાથી ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

પલાસ નટવરસિંગ પ્રભાતસિંગ

મુ. પીપોદરા, તા. ધાનપુર

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

મોહનીયા અભેસિંહ વસાભાઈ

મુ. ઉડાર, તા. ધાનપુર

## ભાજપ પ્રભારીની મુલાકાત બાદ રૂપાણી મંત્રીમંડળના વિસ્તરણની અટકળોએ પકડ્યું જોર



ન્યુ દિલ્હી,

ભાજપ પ્રદેશ પ્રભારી ભૂપેન્દ્ર યાદવની બે દિવસીય મુલાકાતે ગુજરાત (Gujarat) ના રાજકારણમાં અટકળોને વેગ આપ્યો છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીના દોઢ વર્ષ પહેલાની મુલાકાતે વર્ષ ૨૦૧૬ ના આવા જ દિવસોની યાદ અપાવી છે.

પ્રદેશ પ્રભારી એ બે દિવસ દરમિયાન કોર કમિટીના સભ્યો સાથે વિસ્તૃત ચર્ચા કરી અને ત્યારબાદ સરકાર તેમજ સંગઠનના વરિષ્ઠ ચહેરાઓ સાથે વન ટુ વન મુલાકાત કરીને સેન્સ લીધી હતી. વર્ષ ૨૦૨૨ની ચૂંટણી પહેલા સંગઠન અને સરકારની કામગીરી ની સમીક્ષા કરાઈ તો સાથે જ વરિષ્ઠ આગેવાનોનો મત જાણ્યો હતો.

પ્રભારીની મુલાકાતને ભલે રૂટિન મુલાકાત ગણાવાઈ રહી હોય પણ ભાજપ ના વરિષ્ઠ આગેવાનોની વાત માનીએ તો આ બેઠકો સામાન્ય નથી. વર્ષ ૨૦૧૭ની ચૂંટણીના સવા વર્ષ પહેલાં પણ આ જ રીતે પ્રભારીએ બેઠકો યોજી હતી અને સેન્સ લીધી હતી. જે બાદ તત્કાલીન મુખ્યમંત્રીનું રાજીનામું લેવાયું હતું.

જો કે તે વખતે પાટીદાર અનામત આંદોલન નું કારણ આગળ ધરાયુ હતું. આ વખતે પણ પ્રભારીની મુલાકાત બાદ વધુ એક વાર રાજકિય અટકળો એ જોર પકડ્યું છે.. જો કે સરકારના સિનિયર મંત્રીઓ આનાથી વિપરીત મત ધરાવે છે. તેમની વાત સાચી માનીએ તો હાલની સ્થિતિમાં કોઈ મોટો બદલાવ થાય તેમ નથી પણ મંત્રીમંડળની ખાલી જગ્યાઓ ભરાઈ શકે છે.

ભાજપની આ કવાયત અંગે વરિષ્ઠ પત્રકાર અને રાજકીય વિશ્લેષક હરિભાઈ દેસાઈ માને છે કે ભાજપ જે દેખાડે છે તે ક્યારેય હોતું નથી. પ્રભારીની બેઠકોને ભાજપ (BJP) ભલે સામાન્ય બેઠક ગણાવે પણ તે સામાન્ય નથી. તેમના મતે હાલની સ્થિતિમાં ભાજપ મુખ્યમંત્રી બદલે તેવા સંકેતો દેખાતા નથી પણ મંત્રીમંડળમાં ચોક્કસ વિસ્તરણ થઈ શકે છે. જે સમાજને પ્રતિનિધિત્વ નથી આપી શકાયું તેમને સ્થાન મળે તેવી પુરી શક્યતાઓ છે.

જો કે ભાજપના રાજકારણમાં ક્યારે કઈ અટકળ સાચી સાબિત થાય તે કહેવું અઘરું છે પણ ભાજપની હાલની આ કવાયત વર્ષ ૨૦૨૨ની ચૂંટણીલક્ષી છે તેમાં કોઈ બે મત નથી. સુત્રોની વાત માનીએ તો કોરોનાની બીજી લહેરની સ્થિતિ બાદ ભાજપ સંગઠન અને સરકાર ચોક્કસ પોતાની છબી સુધારવા માંગે છે અને આ કવાયત તેનું જ સ્વરૂપ છે.

દિલ્લી જતા પહેલા ભાજપ પ્રભારી એ પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલ, મુખ્યમંત્રી વિજય રૂપાણી અને સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા સાથે અલગ બેઠક કરીને સીધો સંકેત આપ્યો છે..ત્યારે હવે જોવાનું એ રહેશે કે ૧૫ જૂનની ધારાસભ્ય દળની બેઠક બાદ ભાજપમાં કયા ફેરફારો જોવા મળે છે.

## દેશમાં ૯૫ %થી વધારે રિકવરી રેટ, છેલ્લા ૨૪ કલાકમાં ૩૩૦૩ કોરોના દર્દીઓના મોત



ન્યુ દિલ્હી,

દેશમાં કોરોનાની બીજી લહેર દમ તોડી રહી છે અને ભારતમાં સતત છઠ્ઠા દિવસે કોવિડ-૧૯ના ૧ લાખ કરતા ઓછા કેસ સામે આવ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવેલા તાજેતરના આંકડાઓ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં નવા ૮૦,૦૦૦ કેસ સામે આવ્યા છે. જ્યારે આ દરમિયાન કોરોનાના કારણે ૩,૩૦૦ કરતા વધારે દર્દીઓએ કોરોનાના કારણે પોતાનો જીવ ગુમાવ્યો છે. ભારતમાં હાલ કોરોનાના એક્ટિવ કેસની સંખ્યા ૧૦ લાખ ૨૬ હજાર જેટલી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના અહેવાલ પ્રમાણે દેશમાં કોરોનાના દર્દીઓના સાજા થવાનો દર એટલે કે રિકવરી રેટ ૯૫.૨૬ ટકાએ પહોંચી ગયો છે. મંત્રાલયના અહેવાલ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૮૦,૮૩૪ નવા કેસ સામે આવ્યા છે જે ૭૧ દિવસમાં સૌથી ઓછા છે. જ્યારે આ દરમિયાન કોરોનાના ૧.૩૨ લાખ દર્દીઓ સાજા/રિકવર થયા છે. ગત મહિનાથી જ દેશમાં કોરોનાના નવા કેસની સંખ્યા ઘટી રહી છે અને સાથે જ દર્દીઓના સાજા થવાના દર એટલે કે રિકવરી રેટમાં પણ ઝડપથી વધારો થયો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે ૧૩ જૂન, ૨૦૨૧ના રોજ જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૮૦,૮૩૪ નવા કેસ સામે આવ્યા છે અને તે દરમિયાન ૩,૩૦૩ દર્દીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે. આ સમયમાં જ ૧,૩૨,૦૬૨ દર્દીઓ સાજા થયા છે. દેશમાં હાલ કોરોનાના કુલ એક્ટિવ કેસની સંખ્યા ૧૦,૨૬,૧૫૯ જેટલી છે.

અત્રે જણાવવાનું કે ગઈ કાલે જાહેર થયેલા આંકડા મુજબ દેશમાં એક દિવસમાં ૮૪,૩૩૨ નવા કેસ નોંધાયા હતા. જ્યારે ૪૦૦૦ જેટલા દર્દીઓએ જીવ ગુમાવ્યા હતા. દેશમાં હવે રિકવરી રેટ ૯૫ ટકાથી વધુ થઈ ગયો છે. જ્યારે એક્ટિવ કેસમાં પણ નોંધપાત્ર ઘટાડો થઈ રહ્યો છે. કોરોનાના કુલ એક્ટિવ કેસોના મામલે દુનિયામાં ભારત બીજા સ્થાને છે. કુલ સંક્રમિતોના મામલે ભારત દુનિયામાં બીજા નંબરે છે અને મોત મામલે દુનિયામાં અમેરિકા, બ્રાઝિલ બાદ ભારત ત્રીજા ક્રમે છે.

## વૈશ્વિક મુદ્દે તમામ દેશોથી વાતચીત બાદ નિર્ણય લેવામાં આવેઃ ચીન

ઈંગ્લેન્ડના કાર્બિસમાં ૭ સૌથી મોટી અર્થવ્યવસ્થાવાળા દેશોના શિખર સંમેલન G-7થી ચીન ખિજાયું છે. આ બેઠકને પોતાની વિરુદ્ધ જૂથબંધી ગણાવતા ચીને આના સભ્ય દેશોને ખુલ્લી ધમકી આપી છે. ચીને ગ્રુપ ઑફ સેવન ગણાતા આ દેશોના નેતાઓને સ્પષ્ટ રીતે ચેતવતા કહ્યું છે કે, એ દિવસો ખત્મ થઈ ગયા જ્યારે દેશોના નાના જૂથ દુનિયાનું ભાગ્ય નક્કી કરતા હતા. લંડનમાં ચીની દૂતાવાસના પ્રવક્તાએ કહ્યું કે, એ દિવસો જ્યારે નાના સમૂહ વૈશ્વિક નિર્ણયો નક્કી કરતા હતા, એ લાંબા સમયથી ખત્મ થઈ ગયું છે.

તેમણે કહ્યું કે, અમે હંમેશા કહીએ છીએ કે નાના અથવા મોટા, મજબૂત અથવા નબળા, ગરીબ અથવા અમીર તમામ દેશ બરાબર છે. વૈશ્વિક મુદ્દાઓ પર તમામ દેશોના વિચાર-વિમર્શ બાદ જ નિર્ણય લેવામાં આવવો જોઈએ. ૭-૭ના નેતા દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડમાં ચાલી રહેલી બેઠક દરમિયાન ચીનનો કાટ કાઢવાનો રસ્તો શોધી રહ્યા છે. દુનિયાના સૌથી અમીર લોકશાહી દેશોનું માનવું છે કે છેલ્લા ૪૦ વર્ષમાં ચીનની શાનદાર આર્થિક અને સૈન્ય વૃદ્ધિ બાદ રાષ્ટ્રપતિ શી જિનપિંગની તાકાત વધતી જઈ રહી છે. આના પર રોક લગાવવા માટે આ તમામ દેશ એક વૈશ્વિક સમાધાન નીકાળવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

જી-૭ના નેતાઓએ ચીનના વૈશ્વિક અભિયાનની સાથે પ્રતિસ્પર્ધા કરવા માટે એક પાયાના માળખાનું અનાવરણ કર્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે અત્યારે આ મુદ્દા પર અત્યાર સુધી સહમતિ નથી બની શકી કે માનવ અધિકારોના ઉલ્લંઘન પર ચીનને કઈ રીતે રોકી શકાય. અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાઈડને જી-૭ શિખર સંમેલનમાં લોકશાહી દેશો પર બંધુઆ મજૂરીની પ્રથાને લઈને ચીનનો બહિષ્કાર કરવાનો દબાવ બનાવવાની યોજના તૈયાર કરી છે.

G-7ના દેશોએ ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગની મહત્વાકાંક્ષી યોજના વન બેલ્ટ વન રોડની વિરુદ્ધ નવું માળખું બનાવવાની યોજના શરૂ કરી છે. માનવામાં આવે છે કે આનાથી ચીનને હજારો કરોડ ડૉલરનું નુકસાન થઈ શકે છે. ચીન પોતાના આ પ્રોજેક્ટ દ્વારા દુનિયાભરના દેશોને દેવાની જાળમાં ફસાવવા ઈચ્છે છે.

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## મહીસાગર જિલ્લામાં આજે ૦૨ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનના કુલ ૭૪૮૪ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માદયમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષ, સંતરામપુર તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૩-૦૬-૨૦૨૧ના સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૮૪ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૧ પુરૂષ, લુણાવાડા તાલુકાની-૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ અને સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૪ પુરૂષ, વિરપુર તાલુકાના ૧ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૬૦ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૨૬૬૭૨૨ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યક્તિઓને હોમ ક્વોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૪૧ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૩ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૩ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૩ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૪૫ દર્દીઓ સ્ટેબલ, ૦૫ દર્દીઓ ઓકિસજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

## સંતરામપુર નગરમાં આરોગ્ય વિભાગ દ્વારા લઘુમતી સમાજના ૪૦૦ નાગરિકોને કોરોનાની રસી મૂકવામાં આવી



સંતરામપુર,
આજે સંતરામપુર નગરમાં ખ્વાજા ગરીબ નવાજ સાર્વજનિક દવાખાનામાં રસી મૂકવાનું કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું અને લઘુમતી સમાજના અગ્રણી અને shaikh ul islam ટ્રસ્ટના સહયોગથી ૪૦૦ નાગરિકોએ આજે રસી મુકાવી હતી. રસી મુકવા માટે લઘુમતી સમાજમાં યુવાનોમાં ભારે ઉત્સાહ અને ભીડ જોવા મળી હતી. હવે ધીરે ધીરે લઘુમતી સમાજના નાગરિકોમાં રસી મુકાવાની જાગૃતતા દેખાઈ રહી છે. આરોગ્ય વિભાગનો સ્ટાફ બ્લોક હેલ્થ કચેરી બી.એચ.ઓ નરેન્દ્ર ભાઈ ગોસાઈ તથા સ્ટાફ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. સવારથી યુવાનો આધારકાર્ડ સાથે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવ્યું નોંધણી કરી રસી મુકાવી હતી. લઘુમતી સમાજના ૪૦૦ અને અન્ય બીજા ૨૦૦ નાગરિકો આજે સંતરામપુર તાલુકાની ૬૦૦ નાગરિકોએ કોરોનાનું વિરોધી રસી મુકાવી હતી. રસી મુકાવવીની ઝુંબેશ હાથ ધરવામાં આવ્યો હતો.

## જિલ્લાકક્ષાના વર્ચ્યુઅલ વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શનમાં સંતરામપુર તાલુકાની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળાની રાજયકક્ષાએ પસંદગી

ગોધરા,
જિલ્લા કક્ષાના વિજ્ઞાન ગણિત પર્યાવરણ પ્રદર્શન માં તકનીકી અને રમકડા આ મુખ્ય વિષય અંતર્ગત મહિસાગર જિલ્લાની સંતરામપુર તાલુકાની પાદરી ફળિયા સી.આર.સી.ની નરસિંગપુર મુખ્ય પ્રાથમિક શાળા એ કુલ પાંચ વિભાગો પૈકી ચાર વિભાગોમાં પોતાની કૃતિ રજૂ કરેલ. જેમાં વિભાગ ૪ ઐતિહાસિક વિકાસમાં સ્થિર અને ગતિમાન રમકડાંની કૃતિ શાળાના મદદનીશ શિક્ષક સુરેશભાઈ ભાવસાર અને એમના બાળ વૈજ્ઞાનિક ઘનશ્યામ જેસીંગભાઇ સંગાડા ધોરણ ૮ અને કાજલ બેન લાલસિંહભાઈ રાવત ધોરણ ૭ દ્વારા રજૂ કરવામાં આવી. જેનાથી બાળકોમાં વૈજ્ઞાનિક સિદ્ધાંતની સમજ, ગમ્મત સાથે બાળકોને જ્ઞાન, બાળકોનો શારિરીક, માનસીક અને સર્વાંગી વિકાસ થાય તેવા હેતુથી બનાવેલ આ કૃતિમાં પ્રાચીનકાળની લુપ્ત થઈ ગયેલી ૨૦ જેટલી રમતોના રમકડાંઓનો ખૂબ સારી રીતે સમાવેશ કરેલ.

એ જ રીતે વિભાગ ૫ ગાણિતિક રમકડાંમાં જાદુઈ એકડા, જાદુઈ પટ્ટી, જાદુઈ ચક અને શૈક્ષણિક લુડો આ કૃતિની રજૂઆત શાળાના મદદનીશ શિક્ષક રમેશભાઈ ચૌહાણ ના માર્ગદર્શન હેઠળ રાવળ અનામિકાબેન ધોરણ ૭ અને રાવળ અંકિતાબેન ધોરણ ૭ એમને ધોરણ ૧ થી ૮ ની ૪૦ જેટલી અદયયન નિષ્પત્તિઓ સિદ્ધ કરતી અને ૨૦ કરતાં વધારે ફાયદાવાળી જાદુઈ એકડા જાદુઈ ચક્ર જાદુઈ પટ્ટી અને શૈક્ષણિક લુડો કૃતિની અસરકારક રજૂઆત કરવામાં આવી. આમ કુલ ૫ વિભાગોમા નિર્ણાયકોની પ્રશ્નોત્તરી અને નિર્ણયના અંતે વિભાગ ૪ અને વિભાગ ૫ ની કૃતિઓને રાજ્યકક્ષા માટે પસંદ કરવામાં આવેલ. બે વિભાગોમાં નંબર મેળવવા બદલ શાળાના ઉત્સાહી આચાર્ય લખમણભાઈ ખરાડી અને શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવેલ. રાજય કક્ષાએ નરસિંગપુર મુખ્ય પ્રા શાળાની પસંદગી થવા બદલ ડો. એ. વી પટેલ પ્રાચાર્ય ડાયેટ સંતરામપુર, એચ કે પટેલ વિજ્ઞાન સલાહકાર ડાયેટ સંતરામપુર, ભરતભાઈ પટેલ બી.આર.સી કો ઓર્ડીનેટર સંતરામપુર અને ગુલાબસિંહ ડામોર સી.આર.સી.કો-ઓર્ડીનેટર પાદરી ફળિયાએ ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવેલ.

## કાલોલ તાલુકાના અંતરીયાળ ગામની સગીરબાળાને હાલોલનો નરાધમ ભગાડી જતાં પોલીસ ફરીયાદ

કાલોલ,
કાલોલ તાલુકાના અંતરીયાળ વિસ્તારમાં આવેલા એક ગામમાં રહેતા એક પરીવારની સગીર વયની બાળાને ૮ જુનના રોજ પોતાના રહેઠાણ વિસ્તારમાંથી હાલોલ નો એક નરાધમ ભગેડું સગીરવયની બાળાને પોતાના વાલીપણામાંથી પટાવી ફોસલાવી લગ્ન કરવાની લાલચ આપી શારીરિક શોષણના ઈરાદે ભગાડી ગયો હતો. જેના કારણે સગીરવયની પુત્રીના પરીવાર દ્વારા શોધખોળ શરૂ કરતા તેમણે જાણવા મળ્યું હતું કે, હાલોલ નો રહેવાસી એક નરાધમ તેમની પુત્રીને લગ્નની લાલચ આપી શારીરિક શોષણના ઈરાદે ભગાડી ગયો હોવાની જાણ થતાં સગીર વયની બાળાના સજનસ્નેહી એ કાલોલ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી. કાલોલ પોલીસે ઈ.પ.કો.કલમ ૩૬૩,૩૬, તથા પોક્સો એક્ટ કલમ ૧૨ મુજબનો ગુણો દાખલ કરી ઘટતી કામગીરી હાથ ધરી છે.

## મહિસાગર જિલ્લામાંથી પાંચ પો.કોન્સ્ટેબલોની જિલ્લા બહાર બદલી થતાં ભ્રષ્ટાચારી કર્મચારી-અધિકારીઓમાં ફફડાટ

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના પાંચ પોલીસ કોન્સ્ટેબલોની જિલ્લા બહાર બદલી થતાં જિલ્લાના પોલીસ બેડાના ભ્રષ્ટાચારી કર્મચારી-અધિકારીઓમાં ફફડાટ ફેલાયો છે. રાજય પોલીસ વડાઓ રાજયના વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા અને વિવાદાસ્પદ ભુતકાળ ધરાવતા પોલીસ કોન્સ્ટેબલોની જિલ્લા બહાર બદલી કરી છે. જેમાં મહિસાગર જિલ્લાના પાંચ કોન્સ્ટેબલોને જિલ્લા બહાર બદલી કરી છે. આ પોલીસ કોન્સ્ટેબલોના વિવાદિત ભુતકાળ અને પોલીસ તંત્રને ના શોભે તેવી પ્રવૃત્તિ કરવા બદલ આ કોન્સ્ટેબલની બદલી કરવામાં આવી હોવાની ચર્ચાઈ રહ્યુ છે. મહિસાગર જિલ્લાના (૧)વિરેન્દ્રસિંહ પ્રતાપસિંહ બિહોલાની, કચ્છ-ભુજ, (૨)સંજય કેસરસિંહ રાવતની કચ્છ પુર્વ-ગાંધીધામ, (૩)મિનેશ ગનાભાઈ ભુનેતરની પોરબંદર, (૪)સુમેરસિંહ મનોજ પરમારની જુનાગઢ (૫)અશ્વિનકુમાર મનુભાઈ ખરાડીની બોટાદ બદલી કરવામાં આવી છે.

## મહિસાગરના તમામ ગામોને ૩૧ જુલાઈ સુધી પાણીની સુવિધા પ્રાપ્ત થશે

લુણાવાડા,
મહિસાગર જિલ્લાના તમામ ગામોને ૩૧ જુલાઈ સુધીમાં પીવાના પાણીની સમસ્યાથી મુકત કરવા નળ સે જલ યોજના અંતર્ગત તમામ ગામોને આવરી લેવાનુ આયોજન જિલ્લાની જળ અને સ્વચ્છતાં એકમની બેઠકમાં ઘડી કાઢવામાં આવ્યુ છે. બેઠકમાં જલ જીવન મિશન કાર્યક્રમ અંતર્ગત નલ સે જલ યોજનામાં જિલ્લાના તમામ ગામોને સો ટકા નળ કનેકશનથી આવરી લેવા અને બાકી રહી ગયેલા ઘરોમાં પીવાના પાણી માટે નળ કનેકશનની સુવિધા ઉભી કરવા હાલ થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરાઈ હતી. વર્ષ-૨૧/૨૨માં જિલ્લાના ૧૦૨ ગામ અને પરાઓમાં પાણી સમિતિઓ મારફતે આયોજિત ૧૫,૯૧૫ ઘરોમાં નળ કનેકશનથી પાણી આપવાની સુવિધા ઉભી કરવાની યોજનાથી ૧૦૦ ટકા ઘરોમાં નળ કનેકશનથી પાણી આપવાની પ્રક્રિયા પુર્ણ થશે. આગામી તા.૩૧ જુલાઈ સુધી જિલ્લામાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે તે પ્રમાણે આયોજન ઘડવા પાણી પુરવઠાના અધિકારીઓને કલેકટરે જણાવ્યુ હતુ.

## દસ વર્ષ અગાઉ લગ્ન થયેલ પતીની બીજી પત્ની લાવવાની માગ સામે પત્નીએ શારીરિક માનસિક ત્રાસની નોંધાઈ ફરિયાદ

કાલોલ,
પતિ-પત્નીના સંબંધને સાત જન્મો સુધીના સંબંધ માનવામાં આવે છે. એક પત્ની હજારો સપના સાથે લગ્ન જીવન પ્રભુતા પગલા પાડતી હોય છે. આવી જ રીતે કાલોલની એક પરિણીતાએ પણ હજારો સપના સાથે ઘરસંસાર માડ્યુ હતું. પણ પત્નીને ક્યાં ખબર હતી કે જે પતિને પરમેશ્વ ર માનતી હતી. તે જ પતિ નીકળશે દગાબાજ.કાલોલ નગર મંગલમૂર્તિ સોસાયટીમાં રહેતા નેહાબેનના લગ્ન રિતિ રિવાજ મુજબ ૨૦૧૧ની સાલમાં કાતોલ ગામના વિજય ભાઈ કાંતિલાલ પરમારના સાથે થયેલા હાલ એમના સંતાનમાં બે છોકરીઓ છે. મનસ્વીબેન આઠ વર્ષ બીજી તનસ્વીબેન ત્રણ વર્ષની એમ બે વસ્તાર ધરાવે છે. છેલ્લા એક વર્ષથી તું મને ગમતી નથી અને મારે બીજી પત્ની લાવવી છે, એમ કહી માનસિક-શારીરિક ત્રાસ આપી ગડદાપાટુનો માર મારતા અને દહેજ માટે પરણિતાને માનસિક ત્રાસ આપ્યા બદલની ફરિયાદ નેહાબેન દ્વારા કાલોલ પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવી. નેહાબેન જણાવ્યા અનુસાર તેમના પતી વારંવાર મારઝૂડ કરી તેમને પિયરમાં પણ જવા દેતા ન હતા.અને કોલેજની પાછળ ખેતરમાં રાતના સમય લઈ જઈ બંને હાથ બાંધીને ગડદા પાડું માર મારતા નેહા બેન બૂમો પાડતા કાંતિલાલ મંગળભાઈ પરમાર તેમના સસરા દ્વારા વધુ માંરમાર થી છોડાવી પતી દ્વારા માનસિક શારીરિક ત્રાસથી અને પજવણીથી કંટાળી ગયા પછી તે બદલની ફરિયાદ નોંધા વતા કાલોલ પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી કરી વધુ તપાસ હાથ ધરી છે.

## લશ્કરી ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારો માટે વિનામૂલ્યે ઓનલાઈન રજિસ્ટ્રેશનની સુવિધા ઉપલબ્ધ કરાવાઈ, જિલ્લામાં ૫ કેન્દ્રો કાર્યરત થશે

ગોધરા,
ઓગસ્ટ-૨૦૨૧માં ગોધરા ખાતે યોજાનાર લશ્કરી ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છુક ઉમેદવારોને ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયામાં મદદરૂપ થવા જિલ્લામાં ૫ કેન્દ્રો કાર્યરત કરવાનો નિર્ણય કરાયો છે. ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના પુરૂષ ઉમેદવારો માટે આગામી તા.૦૫/૦૮/૨૦૨૧ થી તા.૨૨/૦૮/૨૦૨૧ દરમ્યાન કનેલાવ સ્પોર્ટસ કોમ્પ્લેક્સ, ગોધરા, જિ.પંચમહાલ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે. ભરતી મેળામાં ભાગ લેવા ઈચ્છતા ઉમેદવારોએ ભારતીય સેનાની વેબસાઈટ www.joinindianarmy.nic.in પર તા.૦૬/૦૬/૨૦૨૧ થી ૨૦/૦૭/૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરવી ફરજિયાત છે. ઓનલાઈન અરજી કરવા માટે સ્માર્ટફોન-કમ્પ્યુટર કે ઈન્ટરનેટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ ન હોય કે ઓનલાઈન અરજી માટે મૂંઝવણ અનુભવતા જિલ્લાના ઉમેદવારો માટે કલેક્ટરશ્રી અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ તંત્ર દ્વારા એક પહેલ અંતર્ગત ૫ હેલ્પ સેન્ટર શરૂ કરી વિના મૂલ્યે ઓનલાઈન રજીસ્ટ્રેશનની સેવા આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. આ પાંચ કેન્દ્રોમાં ૧) આઈટીઆઈ ,ગોધરા ૨) બી.આર.સી.ભવન ,મોરવા ૩) શ્રીમતી એસ જે દવે સાર્વજનીક હાઈસ્કુલ,શહેરા ૪) સરકારી પોલીટેકનીક કોલેજ, હાલોલ ૫) બી.આર.સી.ભવન, ઘોઘંબા ખાતે આવતીકાલે, તા. ૧૪.૦૬.૨૦૨૧થી આ કેન્દ્રો કાર્યરત થશે. ઓનલાઈન અરજી માટે ઉમેદવારે પોતાના અભ્યાસના તમામ ડોક્યુમેન્ટ,આધાર કાર્ડ, પાસપોર્ટ સાઈઝના તાજા પડાવેલ ફોટા ,ઈમેલ આઈડી,મોબાઈલ નંબર જેવી વિગતો અને દસ્તાવેજો પોતાની સાથે રાખવાના રહેશે. વધુ માહીતી અને માર્ગદર્શન માટે રોજગાર કચેરી ગોધરાના હેલ્પલાઈન નંબર ૦૨૬૭૨૨૪૧૪૦૫ પર સંપર્ક કરવા અને ઉપર જણાવેલ સેન્ટરની રૂબરૂ મુલાકાત લઈ શકાશે. આ કામગીરી અંગે આ તમામ સેન્ટરના કર્મચારીઓ માટે કલેકટર કચેરી સભાખંડ ગોધરા ખાતે એક તાલીમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જિલ્લાના વધુમાં વધુ ઉમેદવારો આ ભરતી મેળામાં ભાગ લઈ શકે અને ઓનલાઈન રજીસ્ટ્રેશનની સુવિધા યોગ્ય માર્ગદર્શન સાથે વિનામૂલ્યે ઉપલબ્ધ કરાવી શકાય તે માટે આ સુવિધા કેન્દ્ર કાર્યરત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. કેન્દ્રોના સુચારુ સંચાલન માટે કેન્દ્ર દીઠ એક એમ કુલ પાંચ નોડલ અધિકારીઓની નિમણુંક કરવામાં આવી છે તેમજ શિક્ષકો અને આઈ.ટી.આઈ.ના કર્મચારીઓને રજીસ્ટ્રેશન કામગીરી સોંપવામાં આવી છે.

ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાતના પુરૂષ ઉમેદવારો માટે આગામી તા.૦૫/૦૮/૨૦૨૧ થી તા.૨૨/૦૮/૨૦૨૧ દરમ્યાન કનેલાવ સ્પોર્ટસ કોમ્પ્લેરક્ષ, ગોધરા, જિ. પંચમહાલ ખાતે લશ્કરી ભરતી મેળો યોજાશે. જેમાં સોલ્જર (જનરલ ડ્યુટી), સોલ્જર ટેકનિકલ, સોલ્જર ટેકનિકલ (એવિએશન/એમ્યુનિશન/એકઝામિનર), સોલ્જર નર્સિંગ આસીસ્ટન્ટ/નર્સિંગ આસીસ્ટન્ટ વેટેનરી (ધોરણ/૧૨ પાસ), સોલ્જર કલાર્ક/સ્ટોર કીપર ટેકનિકલ/ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, સોલ્જર ટ્રેડ્સમેન (ધોરણ-૧૦ પાસ અને ધોરણ-૦૮ પાસ) જગ્યા માટે ભરતી કરવામાં આવશે. ૧૭.૫ થી ૨૩ વર્ષની વય ધરાવતા અને ધોરણ-૦૮ પાસ કે તેથી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોએ ભારતીય સેનાની વેબસાઈટ www.joinindianarmy.nic.in પર તા.૦૬/૦૬/૨૦૨૧ થી ૨૦/૦૭/૨૦૨૧ના સમયગાળા દરમ્યાન ઓનલાઇન અરજી કરી શકાશે અને અરજી કરેલ ઉમેદવારોને જ ભરતી મેળામાં પ્રવેશ મળશે. ભરતીમેળામાં ભાગ લેવા આવનાર ઉમેદવારોએ નોટિફિકેશનમાં આપેલ સુચનાઓનું પાલન કરવાનું રહેશે તેમજ જણાવેલ ડોક્યુમેન્ટ સાથે લઈ જવાના રહેશે. ભરતીમાં જતા પહેલાના ૭૨ કલાકનું સરકારી દવાખાનાનું કોવિડમુક્ત હોવા અંગેનું એપેન્ડિક્સ-ઈ મેળવીને ભરતીના દિવસે રજૂ કરવું ફરજીયાત છે. ઓનલાઈન અરજી કરેલ ઉમેદવારો તા. ૨૧.૦૭.૨૦૨૧ થી ૦૪.૦૮.૨૦૨૧ દરમિયાન પોતાના ઈમેઈલ આઈડી પરથી એડમિટ કાર્ડ ડાઉનલોડ કરી શકશે. વધુ માહિતી માટે ભારતીય સેનાની વેબ સાઇટ www.joinindianarmy.nic.in અથવા જિલ્લા રોજગાર કચેરી-ગોધરા, ગ્રાઉન્ડ ફલોર, જિલ્લા સેવા સદન-૨, ગોધરા, પંચમહાલનો જાહેર રજા સિવાયના દિવસોમાં સવારે ૧૦.૩૦ થી ૬.૦૦ કલાક દરમિયાન (ફોન નમ્બર-૦૨૬૭૨ ૨૪૧૪૦૫/ ૬૩૫૭૩૯૦૩૯૦) સંપર્ક કરવાનો રહેશે.

## આજ થી સવારે ૬ વાગ્યા થી સાંજના ૭.૩૦ કલાક સુધી પાવાગઢ ખાતે મંદિર દર્શન માટે ખુલ્લુ મુકવામાં આવ્યું



પંચમહાલ જીલ્લામાં આવેલ શકિતપીઠ પાવાગઢ યાત્રાધામ ખાતે આજ થી મંદિરમાં દર્શન શરૂ થયા. પ્રથમ દિવસે જ પાવાગઢ મંદિરમાં માતાના દર્શન અર્થે આવેલ દર્શનાર્થીઓ દ્વારા માતાના દર્શન કરી ધન્યતા અનુભવી અને હાલ ચોમાસું ચાલુ થવાના કારણે પાવાગઢ મંદિર જાણે વાદળોની ચાદર ઓઢી લીધી હોય તેવા દ્રશ્ય જોવા પડયા.

## ગોધરા શહેરના નિવૃત તલાટી નો માચીસ ના ખાલી ખોખા ભેગા કરવાનો અનોખો શોખ



ગોધરા,
જે શોખ દ્વારા તેઓએ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે. અબ્દુલ કલામ અને હાલના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાથે મુલાકાત કરી.

સામાજિક જીવનમાં વસતા માનવીને વિવિધ પ્રકારના શોખ હોય છે અને તે શોખ ને પુરા કરવા માટે માનવી ગમે તે સમયે ગમે તે જગ્યાએ ગમે તે અવસ્થામાં હોય પુરા તો કરે જ છે. ત્યારે આવા જ એક અનોખો શોખ ધરાવતા ગોધરાના નિવૃત તલાટી ની વાત છે.

ગોધરા શહેરમાં વસતા અને હાલ તલાટી તરીકે નિવૃત થયેલા શાંતિલાલ પરમાર નો અનોખો શોખ આજે ગોધરામાં ચર્ચાઈ રહ્યો છે. શાંતિલાલ પરમારને દીવાસળીના ખાલી ખોખાનું કલેકશન કરવાનો અનોખો શોખ છે.આ શોખ થકી તેઓ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડો.એ.પી.જે.અબ્દુલ કલામ અને હાલના ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સાથે પણ મુલાકાત શક્ય બની છે. નિવૃત તલાટી પાસે અત્યાર સુધીમાં (૨ લાખ)કરતા પણ વધુ દીવાસળીના ખોખા ભેગા કર્યા છે. જેમાં ૨૭,૦૦૦ પ્રકારના માચીસના બોકસ એકત્રિત કર્યા છે. આ માચીસ ના ખોખા જોઈ ને આપણે પોતે ૨૫ થી ૩૦ વર્ષ પહેલાંની જૂની યાદોનું સ્મરણ થઈ આવે છે.તેઓ પાસે દેશ વિદેશના નામી કલાકારો, ખેલાડીઓ,નેતાઓ,પ્રચલિત આકૃતિઓ ધરાવતી માચીસ ના બોક્સ ઉપલબ્ધ છે.તેઓ પાસે સચિન તેંડુલકર,લતા મંગેશકર,ચાર્લી ચેપ્લિન તેમજ દેશના પુરાતત્વ ખાતાના અનેક યાદગીરી માચીસ ના બોકસ સ્વરૂપમાં જોવા મળે છે.તેઓએ માચીસના બોક્સનું પ્રદર્શન દેશ વિદેશમાં પણ કર્યું છે.તેઓને માચીસ ના બોકસ એકત્રિત કરવાનો શોખ નાનપણ થી જ હતો અને જે તલાટી ની નોકરી દરમિયાન અને હાલમાં પણ હોવાનું માલુમ પડ્યું છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા. ૧૪-૦૦૬-૨૦૨૧, સોમવાર, જેઠ સુદ-ચોથ, સૂર્યોદય-૫-૫૫, સૂર્યાસ્ત-૭-૨૨, જૈન નવકારશી-૭-૧૬, આજની રાશિ : કર્ક (ડ,હ), નક્ષત્ર: પુષ્ય

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

-શુભચોઘડીયા-
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## દૈનિક રાશીફળ

તા.૧૪.૦૬.૨૦૨૧ સોમવાર

મેષ (અ,લ,ઈ) : ખર્ચ પર અંકુશ રાખવો,વિચારી ને યોગ્ય નિર્ણય કરવા.
વૃષભ (બ,વ,ઉ) : સગા સ્નેહી મિત્રો થી સારું રહે,દિવસ લાભદાયક રહે.
મિથુન (ક,છ,ઘ) : નોકરિયાતવર્ગને યોગ્ય કામગીરી મળે અને સરાહના થાય.
કર્ક (ડ,હ) : ધ્યાન યોગ મૌન થી લાભ થાય,આગળ વધવાની તક મળે.
સિંહ (મ,ટ) : દૂર દેશ થી સારા સમાચાર મળે,જુના મિત્રોને મળવાનું થાય.
કન્યા (પ,ઠ,ણ) : જાહેરજીવનમાં સારું રહે,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય.
તુલા (ર,ત) : ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવે,પ્રગતિકારક દિવસ.
વૃશ્ચિક (ન,ય) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
ધન (ધ,ભ,ફ,ઢ): નવી વસ્તુની ખરીદી થાય,દિવસ આનંદ માં પસાર થાય.
મકર (ખ,જ) : રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો,ભાઈ ભાંડુ સુખ સારું રહે.
કુંભ (ગ,સ,શ ) : આર્થિક બાબતોમાં સારું રહે,બેંક બેલેન્સ વધારી શકો.
મીન (દ,ચ,ઝ,થ): તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

# દાહોદ ગોદી રોડ ઉપર પાલિકા કાઉન્સીલરએ રાખેલ રસીકરણ કેમ્પમાં કોરોનાના નિયમ નેવે મુકાયા



દાહોદ,

દાહોદ શહેરમાં આજરોજ નગરપાલિકાના કાઉન્સીલર દ્વારા ગોડી રોડ ખાતે રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં લોકોની ભારે ભીડ ઉમટી પડી હતી અને જેને પગલે સોશીયલ ડિસ્ટન્સના ધજાગરા ઉડતાં પણ જોવા મળ્યાં હતાં. સરેઆમ કોરોનાના નિયમો નેવે મુકાયા હોય તેવા દ્રશ્યો જોવા મળ્યાં હતાં.

દાહોદ શહેર સહિત જિલ્લામાં છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો નોંધાયો છે. કોરોનાની બીજી લહેરે દાહોદ જિલ્લાને પણ પોતાના રાક્ષસી ભરડામાં લીધો હતો. માર્ચ અને એપ્રિલ એમ બે માસ દરમ્યાન કોરોનાએ હાહાકાર મચાવી મુક્યો હતો. કોરોનાથી મૃત્યુઆંક પણ આ વખતે વધ્યો હતો અને જિલ્લા વહીવટી તંત્રના અથાગ પરિશ્રમ અને સેવાઓને કારણે છેલ્લા કેટલાંક દિવસોથી કોરોનાના કેસોમાં ધરખમ ઘટાડો નોંધાઈ રહ્યો છે. બીજી તરફ જાહેર જનતાનો પણ એટલો જ તંત્રને સાથ અને સહકાર પણ રહ્યો છે. ત્યારે હવે કોરોનાના કેસો ઘટતાં શહેરવાસીઓ જાણે કોરાનાને લઈ ફરી નિશ્ચિંત બની રહ્યાં હોય તેમ પ્રતિત થઈ રહ્યું છે. દાહોદ શહેરના ગોદી રોડ ખાતે અગ્રસેન ભવન ખાતે આજરોજ પાલિકાના કાઉન્સીલર દ્વારા રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. રસીકરણ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું તે એક સારી બાબત છે અને દરેક વોર્ડ વાઈઝ દરેક પાલિકાના કાઉન્સીલર આવા રસીકરણના કેમ્પ કરવા પણ જોઈએ પરંતુ તેની સામે તકેદારી પણ રાખવી એટલી જ જરૂરી છે. આ કેમ્પ જેવો શરૂ થયો તેવો લોકોની રસી લેવા ભારે ભીડ જામવા લાગી. સોશીયલ ડિસ્ટન્સનો અભાવ જોવા મળ્યો. કોરોનાના નિયમો લોકો ભુલ્યાં હતાં. કોરોનાની રસી લેવા લાંબી લાઈનોમાં વિસ્તારના લોકો ઉમટવા મંડ્યાં. ત્યારે આ સમગ્ર દ્રશ્યોને જોઈ ક્યાંકને ક્યાંક વ્યસ્થાનો અભાવ પણ જોવા મળ્યો હતો. રસીકરણના કેમ્પમાં સુચારૂ આયોજન પણ અત્યંત મહત્વનું છે. કોરોના કાળમાં સરકારના નિયમોનું પાલન થાય અને કોરોના સંક્રમણને ઘટાડવાનો પ્રયાસો થાય તે જરૂરી છે. સરકારના કોવિડ-૧૯ નિયમોને આધિનજ રસીકરણના કેમ્પો યોજાય તે પણ જરૂરી છે. કારણ કે, કોરોના હજુ ગયો નથી. માત્ર કોરોનાની પકડ ઢીલી પડી છે. કોરોનાની ત્રીજી વેવના એંધાણો પણ વર્તાઈ રહ્યાં છે. ત્યારે કોરોના સંક્રમણ મામલે શહેર સહિત જિલ્લાવાસીઓ કાચુ ન કાપી તકેદારીનું સંપુર્ણ પાલન કરે તે અત્યંત આવશ્યક છે. કોરોના સામે જંગ હાલ પણ જારી જ છે. ત્યારે આજના આ યોજાયેલ કેમ્પને પગલે શહેર સહિત જીલ્લામાં અનેક ચર્ચાઓ જોર પકડ્યું છે.

# દાહોદ જિલ્લા મુખ્ય મથક મુવાલિયા ભીલ સેન્ટર સ્કુલ ખાતે જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારીના નેતૃત્વમાં જિલ્લા ફેર બદલી કેમ્પનું સફળતા પુર્વક આયોજન



દાહોદ,

છેલ્લા કેટલાંક સમયથી દાહોદ જિલ્લામાં અન્ય જિલ્લામાંથી આવતાં શિક્ષકોના બદલી કેમ્પ માટેના આયોજન માટેની પુરજોશમાં તૈયારીઓ ચાલતી હતી, પરંતુ કોઈ અગમ્યકારણોસર બદલી કેમ્પને આખરી ઓપ આપવામાં આવતો ન હતો પરંતુ આજરોજ તારીખ ૧૧.૦૬.૨૦૨૧ના રોજ રાજ્ય સરકારની કોવિડ-૧૯ ગાઈડલાઈન અનુસાર ૧૧.૦૬.૨૦૨૧ના રોજ દાહોદ જિલ્લા મુખ્ય મથક મુવાલીયા ભીલ સેન્ટર સ્કુલ ખાતે દાહોદ જિલ્લાનો જિલ્લા ફેર બદલી કેમ્પનું આયોજન દાહોદ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી મયુર પારેખના અધ્યસ્થાને શૈક્ષણિક સંગઠનોના સહયોગથી ખુબજ સફળતાં પુર્વક કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ જેમાં જિલ્લા કક્ષાએ નિમ્ન પ્રાથમીક ૩૦, ઉચ્ચ પ્રાથમીક ભાષા ૧૪, ગણીત - વિજ્ઞાન ૧૭, સામાજીક વિજ્ઞાન ૨૧નું ખુબજ સફળતા પુર્વક બદલી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં દાહોદના પ્રમાણિક અને નિષ્ઠાવાન જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી મયુર પારેખના અધ્યસ્થાનેથી તેમજ તેમના નેતૃત્વ માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારની કોવિડ ૧૯ ગાઈડલાઈનના નિતી નિયમોને આધિન કેમ્પનું નિર્વિઘ્ને ખુબજ સફળતા પુર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશ વિદેશમાં કોરોના મહામારીના અજગરી ભરડાએ જાનહાની સર્જી છે તેમાં શૈક્ષણિક જગત સાથે સંકળાયેલ દાહોદ જિલ્લાના મર્હુમ આત્માઓને અંતિમ શ્રધ્ધાંજલિ માટે એક શોક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અત્યંત સરાહનીય અને આવકારદાયક છે. દાહોદ જિલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી મયુર પારેખે પોતાની આગવી કુનેહ અને સૈધ્ધાન્તીક નિયમોને આધિન કોઈપણ પ્રકારના વર્ગ વિગ્રહ વગર આ જીલ્લા ફેર બદલી કેમ્પને આખરી ઓપ આપી સફળતાના સોપાન સર કરી બદલી કેમ્પની યશ કલગીમાં વધારો કર્યો હતો.

# સંજેલી થી ઝાલોદ મેન રોડ પર કુંડામા રસ્તા પર જ ઘટાદાર વૃક્ષ અકસ્માતને નોતરે છે.?



સંજેલી,

સંજેલી ઝાલોદ તરફ જતો મેન રસ્તા પર જ મહાકાય ઘટાદાર વૃક્ષ પડું પડું થઈ રહ્યું છે. અવર-જવર કરતાં વાહનો માટે જોખમી સાબિત થઈ રહ્યું છે. તંત્ર કોઈ મોટી જાનહાની થાય તેની રાહ જોઈ રહ્યું છે તેવું લાગી રહ્યું છે? સંજેલી ઝાલોદ તરફ મેન રોડ પર સાપોલિયા જેવો ભયંકર વળાંક પર જ મહાકાય વૃક્ષ રોડના વળાંક ના ભાગ માં પડું પડું થઈ રહીયુ. મોટાભાગના વાહનો અડચણરૂપ જોખમી સાબિત થઈ રહ્યું છે. ત્યારે સંજેલી થી ઝાલોદ તરફનો મેઈન રોડ ગણાય છે. આ રોડ પર અવરજવર અવારનવાર રાત દિવસ લાંબા રૂટના નાના મોટા વાહનો અવરજવર રહેતા હોય છે. જેમાં મોટાભાગના વાહનોની છત તૂટી જવાના ભયથી મોટા ભાગના વાહનચાલકો રોંગ સાઈડ પર લેતા ગાડી અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. જો અંધારામાં વાહનચાલકોને રંગલી ઘાટી ટેકરી ઉતરતા જ વૃક્ષ નજરે નહીં પડે તો અકસ્માત સર્જાય તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. વહીવટ તંત્ર ને કોઈપણ જાતની પડી નથી તેવું સ્પષ્ટ જણાઈ રહી છે.ત્યારે આ ઘટાદાર વૃક્ષ રોડ પર જ ઉભેલા વૃક્ષોને તાત્કાલિક દૂર કરવામાં આવે તેવી સ્થાનિક લોકો તેમજ અવર-જવર કરતાં વાહનચાલકો ની માંગ છે.

# દાહોદજીલ્લામાં ત્રણ દિવસમાં દેશી બનાવટની પિસ્તોલ સાથે ઈસમો ઝડપ્યા



દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા બે ત્રણ દિવસની અંદર દેશી હાથ બનાવટની પિસ્ટોલ સાથે કેટલાંક ઈસમોને પકડી પાડવામાં આવ્યાં હતા. ત્યારે ગતરોજ ફરીવાર દાહોદ એલ.સી.બી.પોલીસ દ્વારા ધાનપુર તાલુકાના ઉદલમહુડા ગામેથી એક મોટરસાઈકલના ચાલક પાસેથી દેશી હાથ બનાવટના તમંચા સાથે ઝડપી પાડી જેલ ભેગો કર્યો છે. પોલીસે તમંચો તેમજ મોટરસાઈકલ મળી કુલ રૂા.૨૮,૫૫૦નો મુદ્દામાલ કબજે કર્યો છે.

દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે ગત તા.૧૩.૦૬.૨૦૨૧ના રોજ ધાનપુર તાલુકાના ઉદલમહુડા રોડ પર વોચ ગોઠવી ઉભી હતી. તે સમયે ત્યાંથી બાતમીમાં દર્શાવેલ એક મોટરસાઈકલ ચાલક પસાર થતાં પોલીસે તેને ઉભો રાખ્યો હતો અને તેની પુછપરછ કરતાં પોલીસને સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેને પગલે પોલીસે તેની અંગ ઝડતી કરતાં તેની પાસેથી દેશી હાથ બનાવટનો એક તમંચો ઝડપી પાડ્યો હતો. પોલીસે ઝડપી પાડવામાં આવેલ ઈસમે પોતાનું નામ ચીમનભાઈ લેહરાભાઈ બારીયા (રહે. માળ ફળિયું, ગડવેલ ટોકરવા, તા.ધાનપુર,જિ.દાહોદ) જણાવ્યું હતું. પોલીસે તમંચો અને મોટરસાઈકલ મળી કુલ રૂા.૨૮,૫૫૦નો મુદ્દામાલ કબજે લઈ ઉપરોક્ત ઝડપાયેલ ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લાના બે અલગ અલગ સ્થળે થી બે સગીરાનું અપહરણ થતાં ફરિયાદ

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાઓને પત્નિ તરીકે રાખવા સારૂ બે યુવકો અપહરણ કરી લઈ નાસી જતાં જે તે પોલીસ મથકે ફરિયાદ નોંધાયાનું જાણવા મળે છે.

સગીરાના અપહરણનો પ્રથમ બનાવ સંજેલી તાલુકાના વાસીયા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૦મી મેના રોજ ફતેપુરાના સાગડાપાડા ગામે રહેતો અનિલભાઈ ભરતભાઈ ગરાસીયાએ સંજેલી તાલુકામાં રહેતી એક ૧૫ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી, લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂ વાસીયા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સગીરાના અપહરણનો બીજો બનાવ દાહોદ તાલુકાના ખંગેલા ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૯મી એપ્રિલના રોજ મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના પીટોલ તાલુકામાં રહેતો દિનેશ શકરીયાભાઈ બબેરીયાએ દાહોદ તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પત્નિ તરીકે રાખવા સારૂ ખંગેલા ગામેથી અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલી વારસ દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# લીમખેડાના ચીલાકોટા ગામેથી ૬૫ હજારનો દારૂ ઝડપ્યો

દાહોદ,

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે એક રહેણાંક મકાનમાં પોલીસને મળેલ બાતમીના આધારે પ્રોહી રેડ કરતાં પોલીસને જોઈ બે જણા નાસી જવામાં સફળ રહ્યાં હતાં ત્યારે પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો નંગ. ૫૨૮ કિંમત રૂા.૬૫,૭૬૦નો પ્રોહી જથ્થો કબજે કર્યાનું જાણવા મળે છે.

લીમખેડા તાલુકાના ચીલાકોટા ગામે ગત તા.૧૨મી જુનના રોજ બાલુભાઈ મકનભાઈ માવી (રહે. ચીલાકોટા, જુનાગામ ફળિયું, તા.લીમખેડા) અને દીરસીંગભાઈ વાલુભાઈ બીલવાળ (રહે. કાલીયાવાડ, ધાનપુર) આ બંન્ને જણા એકબીજાના મેળાપીપણામાં વિદેશી દારૂ તથા બીયરનો ધંધો કરતાં હોવાની લીમખેડા પોલીસને બાતમી મળતાં પોલીસે ઓચિંતી પ્રોહી રેડ કરી હતી. પોલીસને જોઈ ઉપરોક્ત બંન્ને ઈસમો નાસી જવામાં સફળ રહ્યાં હતાં. પોલીસે મકાનની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂ તથા બીયરની કુલ બોટલો નંગ. ૫૨૮ જેની કુલ કિંમત રૂા.૬૫,૭૬૦નો પ્રોહી જથ્થો કબજે કરી લીમખેડા પોલીસે ઉપરોક્ત બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દે.બારીઆના ભે દરવાજા પાસેથી ટવેરા ગાડીમાંથી દારૂના જથ્થો સાથે ત્રણ ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ એલસીબી અને દે.બારીઆ પોલીસ સ્ટાફે ભેગા મળી ભે દરવાજાથી ટવેરા ગડીમાં વડોદરા દારૂનો જથ્થો લઈજતાં ડ્રાઈવર સહિત ત્રણ લોકોને ઝડપી પાડ્યા હતા. ૪,૩૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ત્રણેય સામે દે.બારીઆ પોલીસ મથકે ગુનો દાખલ કરાયો હતો.

દાહોદ એલસીબી પી.એસ.આઈ.એમ.એમ.માળી તથા અ.હે.કો.હિરેન્દ્રસિંહ પ્રવિણસિંહ, અ.હે.કો.દિનુભાઈ ધિરુભાઈ, પો.કો.પ્રકાશભાઈ નરસિંહભાઈ તથા સ્ટાફ દે.બારીઆ વિસ્તારમાં દારૂની પેટ્રોલિંગમાં હતા ત્યારે અંતેલા ગામે રોડ ઉપર હતા દરમિયાન લીમખેડા તરફથી આવતી ટવેરા ગાડી પુરઝડપે નીકળતા પોલીસને તેમાં કંઈક શંકાસ્પદ લાગતા તેનો પીછો કરતા તેના ચાલકે ભગાડતા દે.બારીઆ પોલીસને જાણ કરી હતી. ત્યારબાદ દે.બારીઆ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ.રાકેશભાઈ દિપસિંગભાઈ તથા રણજીતસિંહ ફતેસિંહ તથા એલસીબી એ ભેગા મળી ટવેરા ગાડીને ભે દરવાજા પાસેથી પકડી પાડી ડ્રાઈવર તથા તેની સાથે બે વ્યકિતઓને પકડી પાડ્યા હતા. ત્રણેયની પુછપરછ કરતા ડ્રાઈવરે પોતાનુ નામ ડેનીસ રમેશભાઈ પોતદાન(રહે.વડોદરા, વાઘોડિયા)તથા તેની સાથેના હર્ષ અનીલ પંડ્યા(રહે.વાઘોડિયાની નાલંદા સોસાયટી), સંજય સંપત દેવીપુજક(રહે.આજવા રોડ સરદાર સ્ટેટ વિનય ગરબા ગ્રાઉન્ડ)નુ જણાવ્યુ હતુ. જયારે ગાડીમાં તલાશી લેતા તેમાંથી વિદેશી દારૂની બેગપાઈપર ડિલક્ષ વ્હિસ્કિ પેટી નં-૧૫ જેમાં ૧૮૦ મિલીની કાચની કુલ ૭૨૦ બોટલ જેની કુલ કિ.રૂ.૧,૨૨,૪૦૦નો જથ્થો મળી આવ્યો હતો. જથ્થો તથા મોબાઈલ જેની કિ.રૂ.૧૦,૦૦૦તથા ત્રણ લાખની ટવેરા ગાડી મળી કુલ ૪,૩૨,૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઝડપાયેલ ત્રણેય વિરુદ્ધ દે.બારીઆ પોલીસ મથકે ગુનો નોંધી આગળ વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ફતેપુરાના ઘુઘસ ગામે ઝુપડું બાંધવા મામલે ચાર ઈસમો એ ત્રણ વ્યકિતને મારમારતા ઈજાઓ

દાહોદ,

ફતેપુરા તાલુકાના ઘુઘસ ગામે જમીનમાં ઝુપડું બાંધવા મામલે ચાર જેટલા ઈસમોએ એકદમ ઉશ્કેરાઈ જઈ એક મહિલા સહિત ત્રણ જણાને ધારીયા વડે, લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડતાં ત્રણેય જણા સારવાર હેઠળ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગત તા.૧૧મી જુનના રોજ ઘુઘસ ગામે રહેતાં છગનભાઈ કીકાભાઈ પારગી, ચીમનભાઈ કીકાભાઈ પારગી, રાજુભાઈ નારસીંગભાઈ પારગી અને મગનભાઈ નારસીંગભાઈ પારગીઓએ પોતાનાજ ગામમાં રહેતાં રવિન્દ્રભાઈ સોમજીભાઈ પારગીના પિતાએ વેચાણ રાખેલ ખેતરમાં ઝુંપડું બનાવતાં હતાં જેથી રવિન્દ્રભાઈએ ગામના આગેવાન માણસોને સાથે લઈ ખેતરે જઈ ઉપરોક્ત ચારેય જણાને કહેલ કે, તમે કેમ મારી જમીનમાં ઝુપડું બનાવો છો, તેમ કહેતાં ચારેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તું કોણ ના પાડવાવાળો, તેમ કહી ધારીયુ, લાકડી વિગેરે જેવા મારક હથિયારો ધારણ કરી દોડી આવ્યાં હતાં અને રવિન્દ્રભાઈને માથાના ભાગે ધારીયું મારી લોહી લુહાણ કરી માથાના ચામડી ફાડી નાંખી હતી. મીઠાભાઈ અને હંસાબેનને પણ લાકડી વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત રવિન્દ્રભાઈ સોમજીભાઈ પારગીએ ફતેપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# લીમખેડા માંથી ફોર વ્હીલની ચોરી કરતા તસ્કરો

દાહોદ,

દાહોદ જિલ્લાના લીમખેડા નગરમાંથી અજાણ્યા તસ્કરોએ એક ફોર વ્હીલર ગાડી કિંમત રૂા.૧૫,૦૦૦ની કિંમતના સાયલેન્સર ચોરી કરી લઈ નાસી જતાં પોલીસમાં ફરિયાદ નોંધાવાં પામી છે. દાહોદ જિલ્લામાં એક તરફ વાહન ચોર ટોળકી તરખાટ મચાવી રહી છે. ત્યારે બીજી તરફ હવે જાણે વાહનોમાંથી અન્ય સ્પેરપાર્ટો ચોરી કરતી ગેંગ પણ સક્રીય થઈ રહી હોય તેમ લાગી રહ્યું છે. લીમખેડા નગરમાં તીર્થ રેસીડેન્સી પાસે રહેતાં વાસુદેવભાઈ ચંદુલાલ ડબગરે ગત તા.૧૦મી જુનના રોજ રાત્રીના સમયે પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી રાખેલ પોતાની ઈક્કો ફોર વ્હીલર ગાડીના સાયલેન્સર કિંમત રૂા.૧૫,૦૦૦ની કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે વાસુદેવભાઈ ચંદુલાલ ડબગરે લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# ધાનપુરના આમલી મેનપુર ગામે STની બાઈકને અડફેટમાં લેતાં ત્રણ પૈકી એકનું મોત

દાહોદ,

ધાનપુર તાલુકાના આમલીમેનપુર ગામે હીટ એન્ડ રન કેસની ઘટના સામે આવી છે. જેમાં એક એસ.ટી. બસના ચાલકે એક મોટરસાઈકલ પર સવાર ત્રણ આશાસ્પદ યુવકોને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ત્રણ પૈકી એક યુવકનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. જ્યારે અન્ય બે યુવકોને પણ ગંભીર ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર અર્થે ગોધરા રીફર કરવામાં આવ્યાં હતાં. જ્યાં બે યુવકોના પણ મોત નીપજતાં એકસાથે ત્રણ આશાસ્પદ યુવકોના મોતને પગલે પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

ગત તા.૧૨મી જુનના રોજ દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના આમલીમેનપુર ગામેથી એક એસ.ટી.બસના ચાલકે પોતાના કબજાની એસ.ટી.બસ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવતો હતો. આ દરમ્યાન આમલીમેનપુર ગામે નઢેલાવ ફળિયામાં રહેતાં મુકેશભાઈ દશરથભાઈ પલાસ, વિપુલભાઈ મનુભાઈ બારીયા અને પ્રવિણભાઈ છગનભાઈ પલાસ આ ત્રણેય યુવકો પોતાની એક મોટરસાઈકલ પર સવાર થઈ આમલીમેનપુર ગામેથીજ પસાર થઈ રહ્યાં હતા. તે સમયે એસ.ટી.બસના ચાલકે આ ત્રણેય યુવકોની મોટરસાઈકલને અડફેટમાં લઈ જોશભેર ટક્કર મારતાં ત્રણેય યુવકો મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે મુકેશભાઈને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચતાં તેનું ઘટના સ્થળ પરજ કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું. આ ઘટનાની જાણ પોલીસ, ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલંસ સેવા તેમજ ત્રણેય યુવકોના પરિવારજનોને થતાં તમામ ઘટના સ્થળે દોડી ગયાં હતાં. ગંભીર ઈજાગ્રસ્ત વિપુલભાઈ અને પ્રવિણભાઈને તાત્કાલિક ગોધરા સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતા. જ્યાં તેઓનું પણ મોત નીપજતાં પરિવારના માથે આભ તુટી પડ્યું હતું. માર્ગ અકસ્માતમાં એક સાથે ત્રણેય યુવકોનો માતને પગલે પરિવારજનોમાં આક્રંદનો માહોલ છવાઈ ગયો હતો. જાણવા મળ્યાં અનુસાર, માર્ગ અકસ્માત સર્જી એસ.ટી.બસનો ચાલક બસ સ્થળ પર મુકી ઘટના સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

આ સંબંધે આમલીમેનપુર ગામે નઢેલાવ ફળિયામાં રહેતાં ૫૩ વર્ષીય રેશમબેન દશરથભાઈ પલાસે ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી એસ.ટી. બસના ચાલકની ધરપકડના ચક્રોગતિમાન કર્યા છે.

# દાહોદ તાલુકાના સેવા નિવૃત કરી આવતા ગલાલલિયાવાળ ખાતે બે માજી સૈનિકોનું માજી સૈનિક સંગઠન દ્વારા સ્વાગત

દાહોદ,

તારીખ ૧૩.૬.૨૦૨૧ રવિવારના દિવસે માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો દ્વારા વેસ્ટ બંગાળમાં NGP .માં ફરજ બજાવી બે સૈનિકો ૨૮ વર્ષ બાદ સેવા નિવૃત થઈ પોતાના વતન દાહોદ આવતા દાહોદ જિલ્લા માજી સૈનિક સંગઠન દ્વારા ઉત્સાહ ભેર ફૂલ હાર અર્પણ કરી સુભેછાઓ પાઠવી. દાહોદ તાલુકાના ખરચ.સગાળા સકાભાઈ મૂળની ભાઈ અને દાહોદ તાલુકાના ગલાળિયાવાડ ગામ ખાતે રહેતા સંગાડાભાઈ હરિસિંગનું ઉત્સાહભેર સ્વાગત દાહોદ જિલ્લામાં ટ્રેનિંગ લઈ રહેલા ટ્રેનર યુવક યુવતીઓ અને જિલ્લા માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો દ્વારા સ્વાગત કરી આવનાર જીવનના સુખ સરમુધી ની સુભકામનાઓ પાઠવી હતી અને જિલ્લા માજી સૈનિક સંગઠનના હોદ્દેદારો દ્વારા બેઉ માજી સૈનિકનું દાહોદ જિલ્લા માજી સૈનિકનું સંગઠનમાં સ્વાગત કરી. હાલ જિલ્લા માજી સૈનક સંગઠન દ્વારા કરવામા આવતી સેવા પ્રવૃત્તિમાં સહભાગી બને એવી પણ અપીલ કરી હતી.



ગોધરાના દાઉદી વ્હોરા સમાજના અગ્રણી, સામાજિક-સહકારી કાર્યકર સ્વ. વજ્યુદ્દીન વલીની પ્રપોત્રી ફાતેમા અબ્બાસ વલીએ નાની વયમાં BEAUTY OF THOUGHTS નામની એક પુસ્તક અંગ્રેજી ભાષામાં તૈયાર કરી છે. જેને પેપર ટાઉન જયપુરની પબ્લીકેશને પ્રસિદ્ધ કરેલ છે. આ પુસ્તક એમેઝોન પર ઉપલબ્ધ છે. ધો. ૧૧ સાયન્સમાં અભ્યાસ કરતી ફાતેમાએ ગત લોકડાઉનનો ઉપયોગ કરી પુસ્તકની સાથે કવિતા તથા સાહીત્યક ક્ષેત્રે વિવિધ રચનાઓનું સર્જન કરી વ્હોરા સમાજ ગોધરાનું ગૌરવ વધાર્યું છે.

# સીંગવડના ભુતખેડી ગામે સરકારી યોજનાઓના લાભથી લોકોને વંચિત રખાતા રજુઆત

લીમખેડા,

સીંગવડના ભુતખેડી ગામની પંચાયત આવાસ તેમજ મનરેગા યોજના હેઠળ મજુરી કામ ઉપરાંત સરકારની વિવિધ યોજનાના લાભથી લોકોને વંચિત રખાતા હોવાના આક્ષેપ સાથે ભાજપના જ બુથ પ્રમુખ અને પેજ પ્રમુખે દાહોદના સાંસદને લેખિત રજુઆત કરતા તાલુકા વિકાસ અધિકારી(સીંગવડ)ને તપાસનો આદેશ કર્યો છે.

સીંગવડ તાલુકામાં કેટલાંય સમયથી મનરેગા યોજનામાં ગામે ગામમાં વિકાસ યોજનાના લાભ મળતિયાઓને કારણે ચોક્કસ લાભાર્થીઓ કટકી કરતા હોવાના આક્ષેપો થયા હતા. કેટલાંક લેભાગુ તત્વો પંચાયતના મળતિયાઓ સાથે મળી કરોડો રૂપિયાનુ કૌભાંડ મનરેગા યોજનામાં કરી રહ્યા હોવાની અનેક પંચાયત વિરુદ્ધ ગ્રામજનોએ કરી છે. સીંગવડ તાલુકાના વધુ એક ભુતખેડી પંચાયતમાં તો ભાજપના જ પેજ પ્રમુખ તથા બુથ પ્રમુખોએ સરપંચ વિકાસના કામોમાં તેમની રજુઆતની અવગણના થતી હોવાની દાહોદના સાંસદને લેખિત ફરિયાદ કરી ન્યાયી તપાસની માંગણી કરી છે. જે તે લાભાર્થીઓની જાણ બહાર જ મનરેગા યોજના કામો થઈ રહ્યા છે. અને મજુરી પેટે ચુકવવામાં આવતા નાણાં પણ મજુરને મળતા નહિ હોવાના આક્ષેપો કરવામાં આવ્યા છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 248

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

### ગોધરાના માર્કેટીંગયાર્ડ રાણા સોસાયટીના રહિશ

# પરિવાર સાથે દુબઈ જવા માટે ૧૩.૪૧ લાખમાં છેતરાયો

- લખનઉની હોલી ડે ટુરના પ્રોપરાઈટર ૨૯ વ્યકિતને દુબઈના વીઝા ટીકિટ અને રહેવાની વ્યવસ્થા કરવાના બહાને નાણાં જમા કરાવ વિશ્વાસઘાત કર્યો.
- વિદેશ ફરવા જવાની લ્હાયમાં ફોર્ડ વ્યક્તિના રવાડે આવતાં છેતરાયા.

ગોધરા,

ગોધરા શહેરના રાણા સોસાયટી માર્કેટીંગયાર્ડ ખાતે રહેતા નિવૃત કર્મચારી એ પોતાના પરિવારના ૨૯ સભ્યો સાથે દુબઈ જવા માંગતા હોય ગોધરાના એક વ્યકિતનો સંપર્ક કરેલ હતો. તેના દ્વારા હું પંદર દિવસ પહેલા હોલી ડે ડી.એમ.સી. ટુર લખનઉ મારફતે દુબઈ જઈ આવેલ છે. તેમ કહીને મોબાઈલ નંબર આપ્યો હતો. આને આધારે ટીએમસી ટુર લખનઉનો સંપર્ક કર્યો હતો. બાળકો સહિત ૨૯ વ્યકિતઓની ટીકિટ વિઝા અને હોટલની બુકીંગ વ્યવસ્થાન નામે ૧૩,૪૧,૦૦૦/-રૂપીયા આઈ.સી.આઈ.સી.બેંક આલમબાગ લખનઉના ખાતામાં જમા કરાવ્યા હતા અને વીઝા ટીકિટ નહિ મોકલતા ફરીથી ટી.એમ.સી. ટુરનો સંપર્ક કર્યો હતો. ત્યારે માર્ચ મહિનામાં બીજા પ્રોગ્રામ બનાવવાનું કહી ટી.એમ.સી.ટુરના પ્રોપરાઈટર અને અન્ય બે ઈસમો એ વિશ્વાસઘાત અને છેતરપિંડી કરતા આ બાબતે ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

ગોધરા શહેર રાણા સોસાયટી માર્કેટીંગયાર્ડ ખાતે રહેતા નિવૃત કર્મચારી નાનુભાઈ મોહનલાલ રાણા પોતાના પરિવાર સાથે દુબઈ ફરવા જવાનું હતું. જેને લઈ ગોધરાના પૂજનભાઈ સોનીને વાત કરતાં પૂજનભાઈ સોની એ હું પંદર દિવસ પહેલા હોલી ડે ટી.એમ.સી.ટુર લખનઉના પ્રોપરાઈટર સોહીલખાન ઉર્ફે શાન મારફતે દુબઈ જઈ આવેલ છું. તેમ કહીને હોલી ડે ટી.એમ.સી. ટુર લખનઉના પ્રોપરાઈટર સોહિલખાન ઉર્ફે શાનનો મોબાઈલ નંબર આપ્યો હતો. મોબાઈલ નંબરના આધારે નાનુભાઈ રાણા એ પરિવારના ૨૯ સભ્યોને દુબઈ ફરવા જવાની વાત કરી હતી. જેમાં ૭ બાળકો અને ૨૨ મોટા વ્યકિત હોવાનું જણાવ્યું હતું. અને તમામની ટીકિટ તથા વીઝા કરવાના છે. જેમાં એક બાળક બે વર્ષથી ઉપરનું તથા બીજા છ બાળકો ત્રણ વર્ષ ઉપરન હોવાનું જણાવ્યું હતું. જેને લઈ હોલી ડે ટી.એમ.ટી. ટુરના પ્રોપરાઈટર બે વર્ષ થી ઉપરના બાળકોન ટીકિટના ૪૧,૦૦૦/-રૂપીયા તેમજ મોટા વ્યકિતની એક ટીકિટના ૪૮,૫૦૦/-રૂપીયા થશે અને કુલ ૨૯ ટીકિટના ૧૩,૪૧,૦૦૦/-રૂપીયામાં દુબઈ જવા માટેની ટીકિટ વિઝા તેમજ દુબઈમાં રહેવા માટે હોટલ બુકીંગની વ્યવસ્થા કરી આપવાની ખાતરી આપી હતી. હોલી ડે ટી.એમ.સી. ટુરના પ્રોપરાઈટર એ આઈ.સી.આઈ.સી.આઈ. બેન્ક, આલમબાગ, લખનઉ (યુ.પી.)નો એકાઉંન્ટ નંબર આપ્યો હતો. તેમાં રૂપીયા જમા કરાવાનું કહેતા ફરિયાદી નાનુભાઈ રાણા એ અલગ અલગ તારીખે ૧૩,૪૧,૦૦૦/-રૂપીયા જમા કરાવ્યા હતા. ફરિયાદી એ હોલી ડે ટી.એમ.સી. ટુરના પ્રોપરાઈટરનો સંપર્ક કરતાં દુબઈ જવાનો બીજો પ્રોગ્રામ આપું છું કહીને ૨૫/૦૩/૨૦૨૦ થી ૩૧/૦૩/૨૦૨૧ સુધીનો પ્રોગ્રામનો સમય આપ્યો હતો. તે સમય પુરો થવા છતાં વીઝા કે ટીકિટ આપી ન હતી. હોલી ડે ટી.એમ.સી. ટુરનો સંપર્ક કરતાં આરોપી પ્રિતી ક્રિષ્ણાણી તથા નિલેશ ઉર્ફે રાહુલ પાંડે એ દુબઈ જવાની ટીકિટ તથા વીઝા અમારા હોલી ડે ટી.એમ.સી. ટુરના પ્રોપરાઈટર સાથે વાત કરીને મોકલી આપીશું. તેમ કહીને એક બીજાની મદદગારીમાં ૧૩,૪૧,૦૦૦/-રૂપીયા એકાઉન્ટમાં જમા કરાવી પરત નહિ આપીને વિશ્વાસઘાત, છેતરપિંડી કર્યાની ફરિયાદ ગોધરા એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ૪૦૧, ૪૨૦ અને ૧૧૪ મુજબ ફરિયાદ નોંધી કાયદેસર તપાસ કાર્યવાહી હાથ ધરી છે.

## ઘોઘંબા તાલુકાની માલુ વર્ગ પ્રા.શાળાના વિદ્યાર્થીઓને LC અને માર્કશીટ નહિ મળતા ઉપલા વર્ગના પ્રવેશ માંથી વંચિત

- ધો.૮ પાસ કર્યા બાદ એલ.સી. અને માર્કશીટ નહિ અપાતા પ્રવેશ અંગે ચિંતીત વિદ્યાર્થીઓ.
- શિક્ષકોની આપસી તુસાતુસીમાં બાળકોનું ભાવિ અટવાયું.



ઘોઘંબા,

પંચમહાલમાં શિક્ષણ જગતને આંગળી ચીંધતો કિસ્સો સામે આવ્યો છે. જ્યાં શિક્ષક ની જીદ અને મનસ્વીપણાને કારણે ૧૮ થી વધુ વિદ્યાર્થીઓનું ભાવિ અંધકારમય બન્યું છે. પંચમહાલના આદિવાસી વિસ્તાર એવા ઘોઘંબા તાલુકાની માલુ વર્ગ પ્રાથમિક શાળાની જ્યાં વિદ્યાર્થીઓને એલસી અને માર્કશીટ નહિ મળવાના કારણે ૧૮ જેટલા વિદ્યાર્થીઓ ઉપલા ધોરણમાં પ્રવેશ થી વંચિત રહી ગયા છે.

પંચમહાલ જિલ્લાના અંતરિયાળ એવા ઘોઘંબા તાલુકાના જુના માલુ ગામમાં ધોરણ ૧ થી ૮ સુધીની સરકારી પ્રાથમિક શાળા આવેલી છે. જેમાં ગામના અંદાજીત ૨૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. જે પૈકી ૧૮ થી વધુ બાળકોએ ધોરણ ૮ની પરીક્ષા પાસ કરી હતી. જેથી તેઓને હવે અન્ય શાળામાં ધોરણ ૯માં પ્રવેશ મેળવી અભ્યાસ કરવા માટે જવાની ફરજ પડી છે,પરંતુ હજી સુધી શાળા માંથી તેઓને લીવીંગ સર્ટીફીકેટ નથી આપવામાં આવ્યું. જેથી અન્ય શાળામાં આ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકયા નથી.આ વિદ્યાર્થીઓના વાલીઓની અનેક રજુઆત બાદ આજે માર્કશીટ તો આપવામાં આવી છે. જે પણ આચાર્યની સહી વગરની છે. શાળામાં છેલ્લા ૧૦ વર્ષ થી મુખ્ય શિક્ષક તરીકે દિનેશભાઈ બારીયા હોદ્દા ઉપર છે. જેઓ એ પોતાની જવાબદારીમાં આવતું હોવા છતાં ધોરણ ૮ પાસ કરેલ વિદ્યાર્થીઓ એલ.સી. અને માર્કશીટ આપેલ નથી. અન્ય શાળામાં પ્રવેશ માટે મુખ્ય દસ્તાવેજ તરીકે ઉપયોગમાં લેવાતા એલ.સી. અને માર્કશીટ માલુ વર્ગ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ન મળતા તેઓ ઉપલા ધોરણ એટલે કે ધોરણ ૯ માં પ્રવેશ મેળવી શક્યા નથી. બીજી તરફ અન્ય શાળાના વિદ્યાર્થીઓને સમયસર એલસી માર્કશીટ મળી જતા તેઓ એ પ્રવેશ મેળવી લેતા જો નજીકની તમામ શાળામાં ક્વોટા પૂરો થઈ જશે તો માલુ વર્ગ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રવેશ ક્યાં મેળવશે ? તે ખૂબ જ મોટો પ્રશ્ન છે !

હાલ મુખ્ય શિક્ષક તરીકે માલુ વર્ગ પ્રાથમિક શાળામાં ફરજ બજાવતા દિનેશભાઇ બારીયા જીદ લઈ ને બેઠા છે કે પોતાની જ શાળાના આસિસ્ટન્ટ શિક્ષક બહાદુરભાઈ પરમારને સિનિયોરિટી માં આવતા હોય આચાર્યનો ચાર્જ બહાદુરભાઈ ને સોંપવામાં આવે અને આ જીદ ને કારણે દિનેશભાઇ એ વિદ્યાર્થીઓના એલસી અને માર્કશીટમાં પોતાની સહી અને સિક્કા કર્યા નથી. જો કે આ બાબતની અનેક વખત નોંધ લઈ તાલુકા અને જિલ્લા શિક્ષણ કચેરીઓ એ કારણ દર્શક નોટિસો પણ આપેલ છે પરંતુ આ જિદ્દી શિક્ષક દિનેશભાઇ બારીયા તમામ નોટિસો ને ઘોળી ને પી જતા હોય તેમ પોતાની જવાબદારીમાં આવતું કામ કરવા થી અળગા રહે છે અને તેનું પરિણામ માસૂમ અને નિર્દોષ વિદ્યાર્થીઓને ભોગવવું પડી રહ્યું છે. આચાર્યના હોદ્દાની વરણી અંગેની આંતરિક બાબતમાં હાલ તો આ વર્ષે ઈન્ચાર્જ આચાર્યે ધોરણ ૮ પાસ થયેલા વિદ્યાર્થીઓના લીવીંગ સર્ટિફિકેટ નહિં બનાવતા બાળકોનું ભાવિ અંધકારમય બને એવી સ્થિતિનું નિર્માણ થતું જોવા મળી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વેકેશન દરમિયાન બાળકોને પરિણામ જાહેર કરી લીવીંગ સર્ટીફીકેટ આપવાની જોગવાઈ છે. જેનાબાદ હાલ નવા સત્રનો પ્રારંભ થઇ ગયો હોવા છતાં અહીંના બાળકોના વાલીઓને પોતાના સંતાનોનું એડમિશન ક્યાં લેવું અને હવે મળશે કે કેમ એ ચિંતા સતાવી રહી છે.

## પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરોએ જાંબુઘોડા તાલુકા પૂર્વ પ્રમુખનું અવસાન થતાં પરિવારજનો સાથે મુલાકાત કરી



ગોધરા,

કોરોના મહામારીમાં દેશ અને રાજ્યમાં ઘણા લોકોએ પોતાના સ્વજનો ગુમાવ્યા છે. જેનો આઘાત આજે પરિવારજનો ઉપર જોવા મળી રહ્યો છે. ત્યારે જાંબુઘોડા આમ આદમી પાર્ટીના તત્કાલીન પ્રમુખ અરવિંદભાઈ બારીઆનું પણ કોરોના મહામારીમાં અવસાન થતાં પંચમહાલ જિલ્લા આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં દુઃખની લાગણી જોવા મળી અને જિલ્લાના સૌ કાર્યકર્તાઓએ નક્કી કર્યું કે આપણે સૌ અરવિંદભાઇના બાળકને અભ્યાસ માટે કંઈક મદદ કરવી જોઈએ. અને એ મુજબ કાર્યકરોએ યથા શક્તિ મદદ કરતાં આજ રોજ જાંબુઘોડા તાલુકાના ઉઢવણ ગામે સ્વ અરવિંદભાઈ ના પરિવારજનોની મુલાકાત લીધી હતી. અને જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆના હસ્તે તેમના પુત્રને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

જિલ્લા પ્રમુખે આશ્વાસન અને સહાનુભૂતિ આપી હતી અને વિતિ ગયેલા સમયને ભૂલી, મજબૂત મનોબળ રાખી, અભ્યાસમાં ધ્યાન રાખી આગળ વધવાની પ્રેરણા આપી આર્શીવાદ આપ્યા હતા અને ભવિષ્યમાં અભ્યાસ બાબતે કોઈ જરૂર પડે તો જણાવવાનું કહ્યું હતું. જિલ્લા પ્રમુખ સાથે, મહામંત્રી, સંગઠન મંત્રી, સહ સંગઠન મંત્રી, તાલુકા પ્રમુખ, તાલુકા યુવા પ્રમુખ સહિત ૨૦ જેટલા કાર્યકરોએ મુલાકાત કરી હતી.

## શહેરા તાલુકા વિકાસ અધિકારી સામે થયેલ આક્ષેપમાં આખરે બદલી કરાઈ

- સત્તા આગળ શાણપણ નકામી તેવી યુક્તિ શહેરામાં સાચી સાબિત થઈ.
- ટી.ડી.ઓ.ની બદલી દાંતિવાડ કરાઈ.

શહેરા,

શહેરા તાલુકા પંચાયત કચેરીમાં છેલ્લા કેટલાક દિવસથી ચાલતા રાજકીય વર્સીસ વહીવટી નાટકના શો નો આંચકાજનક અંત આવ્યો હતો. તાલુકા પંચાયત કચેરીના તાલુકા વિકાસ અધિકારી સામે કથિત ભ્રષ્ટાચારના આક્ષેપો સાથે તાત્કાલિક તેઓની જાહેર હિતમાં બદલી બનાસકાંઠાના દાંતીવાડા ખાતે કરાઈ હતી.

આજથી ૯ માસ અગાઉ પાટણ જિલ્લાના ચાણસ્મા ખાતે તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ નિભાવતા અંકિતા ઓઝાની શહેરા તાલુકા વિકાસ અધિકારી તરીકે બદલી કરવામાં આવી હતી અને બદલીના થોડાજ સમયમાં તેઓની કામ કરવાની પદ્ધતી ના કારણે શહેરા ભાજપ પદાધિકારીઓ સાથેનો ગજગ્રાહ સામે આવ્યો હતો અને તે સમયે જિલ્લામાં તેઓ સામે રજુઆત પણ કરવામાં આવી હતી ૪ માસ અગાઉ પણ તેઓ વિરૂદ્ધ આવેદનપત્ર જિલ્લામાં આપવામાં આવ્યું હતું જેમાં વિકાસના કામોમાં સમયે લાભાર્થીઓને નાણાં ન મળતા હોવાનું અને વિકાસ ના કામોમાં રોડા નાખતા હોવાનું જણાવ્યું હતું જોકે બદલી ના અઢી સપ્તાહ પહેલા પણ શહેરા તાલુકાના સરપંચો ઉપરાંત તાલુકા પંચાયત સભ્યો અને જિલ્લા પંચાયત સભ્યો દ્વારા જિલ્લા નાયબ વિકાસ અધિકારીને આવેદનપત્ર આપી તેમાં ખુલ્લો આક્ષેપ કરવામાં આવ્યો હતો. તેઓના નજીકના કોઈ માણસ દ્વારા તેઓના ખાતામાં ૫% જેટલી રકમનું કમિશન લઈ કામોની મંજુરી આપવામાં આવતી હોવાનું અને આવાસના હપ્તાઓમાં પણ રૂપિયા ની માંગણી કરતા હોવાનો આક્ષેપ કરાયો હતો. તાલુકા વિકાસ અધિકારીની તાત્કાલિક બદલી કરવામાં આવે એવી માંગ કરવામાં આવી હતી પરંતુ માણસનું નસીબ અવળું હોય ત્યારે ચારે બાજુ થી મુશ્કેલીઓ પીછો છોડે ના કંઈક એવુંજ બન્યું અને શુક્રવારના રોજ પણ મિશન મંગલમની સ્વસહાય જૂથોની કેટલીક મહિલાઓ દ્વારા રિવોલિંગ ફંડ અને વિધવાઓના પ્રધાનમંત્રી આવાસોમાં ભ્રષ્ટાચાર કરવાના આક્ષેપ સાથેનું આવેદનપત્ર જિલ્લામાં આપવામાં આવ્યું હતું. જે સંદર્ભની ગંભીર નોંધ ગાંધીનગર ખાતે લેવામાં આવતા તાત્કાલિક અસરથી જાહેર હિતમાં પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ ગુજરાત સરકાર દ્વારા અંકિતા ઓઝાની બદલી બનાસકાંઠાના દાંતીવાડા ખાતે કરવામાં આવી હતી અને શહેરાની ખાલી પડેલી જગ્યા પર સુરેન્દ્રનગર જિલ્લાના ધાંગ્રધા તાલુકા વિકાસ અધિકારી ઝરીના મોહયુદ્દીન અન્સારીની નિમણૂંક કરવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે તાલુકામાં એવા કેટલાક લોકો હતા જેઓ અંકિતા ઓઝાની કાર્યપદ્ધતિ ને આવકારતા હતા પરંતુ કહેવાય છે કે ‘‘સત્તા આગળ શાણપણ નકામું’’ આવું જ શહેરા તાલુકા વિકાસ અધિકારી ઓઝાની બદલીના કિસ્સામાં કહી શકાય.

## વડોદરા થી રતલામ જતી માલગાડીના વેગનનો દરવાજો ખુલી જતાં ખાતરની થેલીઓ પ્લેટ ફોર્મ ઉપર ફંગોળાઈ



ગોધરા,

વડોદરા થી રતલામ તરફ જઈ રહેલી માલગાડી ખાતર ભરી જતી હતી. જે માલગાડીના વેગનનો દરવાજો ગોધરા રેલવે સ્ટેશન ખાતે ના પ્લેટફોર્મ નંબર ૨ પાસેથી પસાર થતી વખતે ખુલી જતા ખાતરની બોરીઓ રેલવે ટ્રેક પર ફંગોળાઈ હતી. ત્યારે ગોધરા રેલવે પોલીસ ફોર્સે કેરેજ વિભાગની મદદ લઈ ખાતરની થેલીઓ ને પુનઃ વેગનમાં લોડ કરી માલગાડીને રવાના કરી હતી.

છેલ્લા ત્રણ માસમાં માલગાડીના વેગનના દરવાજા ખુલી જવાનો બીજો બનાવ બનવા પામ્યો છે.અગાઉ તા.૨૮ માર્ચના રોજ પણ માલગાડી ના વેગનના દરવાજા ખુલી જતા રેલવે સ્ટેશન ખાતેના ચાર પોલ ને નુકસાન થયું હતું.

ગોધરા રેલવે સ્ટેશન ખાતે ગત રાત્રીના સમયે વડોદરા થી રતલામ તરફ ખાતરની ભેગો ભરી જઈ રહેલી માલગાડીના વેગનના દરવાજા ખુલી જવા પામ્યા હતા.જેના પરિણામે ખાતરની ભેગો નીચે પડી ગઈ હતી.પ્લેટફોર્મ નંબર ૨ પરથી પસાર થઈ રહેલી માલગાડીના વેગન નો દરવાજો ખુલી જતા ખાતરની ભેગો નીચે પડતા સ્થાનિક રેલવે પોલીસ ફોર્સે કેરેજ વિભાગની મદદ લઇ ખાતરની બેગોને પુનઃ વેગનમાં લોડ કરી માલગાડી ને રવાના કરવામાં આવી હતી.ત્યારે આવોજ બનવા ગત માર્ચ માસની ૨૮ ના રોજ પણ બનવા પામ્યો હતો.જેના પરિણામે ચાર જેટલાં પોલ ને નુકસાન થયું હતું.

તયારે રેલવે વિભાગ દ્વારા માલ સામાનની હેરાફેરી માટે નવા સ્લાઈડર ડોર રેક ને બદલે જુના વેગન રેક દોડાવવામાં આવી રહ્યા છે.જેના પરિણામે વેગન ના દરવાજા ખુલી જવાની ઘટનાઓ બનતી હોય છે.

## સગીર મંદ બુધ્ધિના મુંગા બાળકને ટી શર્ટ ઉપર લખાણના આધારે વાલીવારસોને શોધી બાળકને સોંપતી ગોધરા LCB



ગોધરા,

પંચમહાલ ગોધરા એલ.સી.બી. પોલીસ મોરવા(હ) વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન મેખર ગામે રોડ ઉપર જતા એક નાનું સગીર બાળક રખડતું ફરતુ મળી આવતા તેનું નામ સરનામું પુછતા તે સગીર વયનું બાળક મુંગુ હોવાથી કાઈ બોલી શકતું ન હતું. તેમજ નામ સરનામું લખવા જણાવતા તે નામ સરનામું પણ લખી શકતું ન હતું. આમ સદરી બાળકને પ્રશ્નોતરી કરતા કોઇ જવાબ આપતો ન હોય અને શારીરીક પરિસ્થિતી જોતા તે અસ્થિર મગજનો હોવાનું પ્રાથમિક દ્રષ્ટીએ જણાય આવેલ અને તેણે બદને પહેરેલ ટીશર્ટ ઉપર જોતા પાછળ ભાગે આશાપુરી ગ્રુપ આંધી લખેલ હોય જે અંગે મોબાઈલ ફોન તથા ઈલેકટ્રોનીકસ માદયમથી તપાસ કરતા આંધી ગામ સુરત ઓલપાડ પાસેનું હોવાનુ જણાય આવતા તે દિશામાં તપાસ કરી બાળકનો ફોટોગ્રાફ મોકલતા સગીર વયનું બાળક હસમુખભાઈ સંજયભાઈ હઠીલા ઉ.વ. ૧૨ રહે. અભલોડ તા. ગરબાડા, જી. દાહોદનો હોવાનુ જણાય આવેલ તેમજ તેના કુટુંબીજનો ઓલપાડ ખાતે મજુરી કરતા હોય તેઓનો ટેલીફોનીક સંપર્ક કરતા સદરી બાળકના પિતા સંજયભાઈ નારસીંગભાઈ હઠીલા રહે. અભલોડ, લીંબુ ફળીયું તા. ગરબાડા, જી. દાહોદનો હોવાનું જાણવા મળતા તેઓનો સંપર્ક કરી તેઓ આવતા જાણવા મળેલ કે ગઈ તા. ૯/૦૬/ ૨૦૨૧ ના રોજ બપોરના સમયેથી પોતાના ઘરેથી નીકળી ગયેલ છે અને તે અસ્થિર મગજનું તેમજ બોલી શકતું ન હોવાની હકીકત જણાવેલ અને અગાઉ પણ બે ત્રણ વખત ફ્રી બાળક અસ્થિર મગજનું હોવાથી ઘરેથી નીકળી ગયેલ અને તેની શોધખોળ કરતા મળી આવેલ હતો. જેથી ગુમ થયાની જાહેરાત પોલીસમાં કરેલ ન હોવાની હકીકત જણાવેલ છે અને બાળકનો કબજો તેના પિતાશ્રીને સોપવામાં આવેલ.

## નામદાર ગુજરાત હાઈ કોર્ટ અમદાવાદ દ્વારા ફોરેસ્ટ વિભાગના ત્રણ રોજમદારોને મજુર અદાલત ગોધરાના આદેશ યથાવત રાખી તાકીદે ફરજ ઉપર હાજર કરવાના થયેલા આદેશથી કામદાર માલમમાં આનંદની લાગણી

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં જે તે સમયે રેન્જ ફોરે રસ્ટ ઓફીસ નોર્મલ, રેન્જ મુનપુરના નામથી ઓળખાતી કચેરીમાં રોજમદાર મજુર તરીકે છેલ્લા ઘણા વર્ષોથી ફરજ બજાવતા (૧) ધુળાભાઈ ફતાભાઈ ડામોર (૨) ગલાભાઈ ફતાભાઈ પાંડોર (૩) પ્રતાપભાઈ કાળુભાઈ ડામોર વિગેરે ને સંસ્થાના અધિકારીઓ દ્વારા જે તે સમયે એટલે કે તા.૧-૧ ૧-૯૮ ના રોજ ગેર કાયદેસર રીતે નોકરીમાંથી છુટા કરી દેતા તેઓએ તેમને થયેલ ન્યાય બાબતે ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશનના પ્રમુખ અંબાલાલ એસ.ભોઈનો સંપર્ક કરતા ફેડરેશને દ્વારા જે તે સમયે રેન્જ ફોરેસ્ટ ઓફીસર મુનપુર, તા.કડાણા, જી. મહીસાગરને ઔદ્યોગિક વિવાદ ધારા ૧૯૪૭ની કલમ ૧૦ (૧) હેઠળ પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ પુનઃ સ્થાપિત થવાની નોટીસ પાટવેલ. પરંતુ તે બાબતે સામાવાળા તરફથી કોઈ યોગ્ય કાર્યવાહી કરવામાં ન આવતા આ વિવાદ મે. મદદનીશ શ્રમ આયુકત ગોધરા સમક્ષ દાખલ કરેલ. પરંતુ સુખદ સમાધાન ન થતાં મદદનીશ શ્રમ ખાયુક્ત ગોધરાએ આ વિવાદ ન્યાય નિર્ણય માટે મજુર અદાલત ગોધરા સમક્ષ રેફરન્સ કરેલ જેનો રેફ. નં. ૩૩૦/૯૯ થી ૩૩૨/ ૯૯ નંબર પડેલ. જે કેસ ચાલી જતાં જે તે સમયના ગોધરા મજુર અદાલતના ન્યાયાધીશએ ત્રણેય રોજમદાર મજુરોને તેમના મુળ સ્ટેટસથી નોકરીમાં હાજર કરવાનો અને ખર્ચની રકમ ચુકવવાનો આદેશ કેરલ. જે હુકમ સામે આ કામના સામાવાળા નામદાર ગુજરાત હાઈકોર્ટ સમક્ષ સ્પે.સી.એપ્લીકેશન દાખલ કરેલ. જે અરજી ચાલી જતાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોધરા મજુર અદાલતનો હુકમ યથાવત રાખવાનો આદેશ કરેલ. આમ તે હુકમથી નારાજ થઈ સામાવાળા તરફથી બે ન્યાયાધીશોની ખંડ પીઠમાં એલ.પી.એ. દાખલ કરેલ અને તે અરજીમાં અરજદારોનો મુળ હુકમ સ્ટે કરવાની માંગણી કરેલ. પરંતુ નામદાર ગુજરાત હાઈકોર્ટના માનનીય ન્યાયમુર્તિ એ. જી.ઉરેજી તા . ૧૮-૩-૨ ૧ના રોજ તેમની અરજીમાં માગેલ મનાઈ હુકમની દાદ રદ કરી મજુર અંદાલત ગોધરાનો હુકમ યથાવત રાખેલ છે. જેના થકી આ કામના અરજદાર (૧) ધુળાભાઈ ફતાભાઈ ડામોર (૨) ગલાભાઈ ફતાભાઈ પાંડોર (૩) પ્રતાપભાઈ કાળુભાઈ ડામોરને લાંબા સમય બાદ નોકરી ઉપર હાજર કરવાના હુકમથી આ ત્રણ કામદારોને સરકારના તા.૧૭-૧૦-૮૮ના પરીપત્રના લાભો પણ મળવાપાત્ર થાય છે. આમ અરજદારના પરિવારો અને જીલ્લાના ફોરેસ્ટ વિભાગના કામદારોની આનંદની લાગણી પ્રર્વતેલી છે.

## પંચહાલ જીલ્લામાં આજરોજ પાંચ કોરોના કેસ નવા નોંધાયા

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોરોના કેસોમાં મહત્તમ ઘટાડો નોંધાતા આજે માત્ર ૦૫ કેસ નોંધાયા છે.જેની સાથે સાથે કોરોના કેસો ઘટવાથી જિલ્લા વાસીઓએ તેમજ જિલ્લા વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો.ત્યારે કોરોના દર્દીઓ પણ ઝડપથી સાજા થઈ ઘરે પરત ફરી રહ્યા છે.જે એક સુખદ સમાચાર કહી શકાય.

પંચમહાલ જિલ્લામાં આજે ૧૨ દર્દીઓએ કોરોનાને મહાત આપી સાજા થયા. જિલ્લામાં કોરોના કેસોમાં રવિવારે ઘટાડો નોંધાતા માત્ર ૦૫ દર્દીઓ નોંધાવા પામ્યા હતાં. જિલ્લામાં કોરોનાનો કુલ આંક આજ રોજ ૯૫૮૬ ઉપર પહોંચી જવા પામ્યો છે. જેમાં જિલ્લાના શહેરી વિસ્તારો પૈકી ગોધરામાં-૦૩ અને શહેરા-૦૨ કેસ નોંધાયા.જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં આજે એકપણ કેસ નોંધાયો ના હતો.ત્યારે આજ રોજ કોરોના ને હરાવી કુલ ૧૨ દર્દી સાજા થયા હતા.જે મળી જિલ્લામાં અત્યાર સુધીમાં ૯૩૩૮ દર્દીઓ કોરોના ને પછડાટ આપી સાજા થયા છે. હાલમાં કોરોના ની સારવાર હેઠળ માત્ર ૬૨ દર્દીઓ નો સમાવેશ થાય છે. પંચમહાલ જિલ્લામાં શહેરી વિસ્તારોમાં કુલ ૫૫૧૫ કેસ નોંધાયા. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૪૦૭૧ કેસ નોંધાયા.